# આત્મધર્મ

## વર્ષ ૨૪

## સળંગ અંક ૨૮૭

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૮૭


## સમયસાર હાથમાં આવ્યું ત્યારે.....

ગુરુદેવના હાથમાં પહેલીવાર સં. ૧૯૭૮માં જ્યારે સમયસાર આવ્યું ને જરાક વાંચ્યું ત્યાં એવો ભણકાર આવ્યો કે અહો, આ સમયસારમાં અશરીરી થવાની વાત છે. અશરીરી એવા સિદ્ધપદનો માર્ગ આમાં બતાવ્યો છે. અંતરમાંથી સિદ્ધપદના ભણકાર કરતી સંતોની આ વાણી આવી છે. આ સમયસારમાં જ્ઞાયકસ્વરૂપ બતાવીને સિદ્ધપદનો અલૌકિક માર્ગ બતાવ્યો છે.

卐 卐 卐


તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૩ ભાદરવો (લવાજમઃ ત્રણ રૂપિયા) વર્ષ ૨૪ : અંક ૧૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સમ્પાદકીય

## ક્ષમાપના

શ્રી પંચપરમેષ્ઠી ભગવંતો, જિનવાણીમાતા, અને રત્નત્રયધર્મ–કે જેઓ જગતના મહા ઉપકારી છે, તેમના પ્રત્યે કદી કાંઈપણ અવિનયાદિ અપરાધ થયો હોય તો અતિ નમ્રભાવે ભક્તિપૂર્વક ક્ષમાપના ચાહું છું. જેઓનો આ બાલકના જીવનમાં, તેમજ આત્મધર્મના સર્વે પાઠકો ઉપર મહાન ઉપકાર છે એવા કૃપાળુ ગુરુદેવ, તેમજ બંને ભગવતી માતાઓ પ્રત્યે પણ જે કાંઈ અપરાધ થયા હોય તે સર્વેની અત્યંત વિનય–ભક્તિપૂર્વક ક્ષમાપના ચાહું છું. આ ઉપરાંત સમસ્ત સાધર્મી બંધુઓમાં પણ કોઈનું દિલ દુભાયું હોય તે બદલ હાર્દિક વિનય ને વાત્સલ્યપૂર્વક ક્ષમાપના ચાહું છું. **–હરિ.**

## આજના યુવાનો

સમાજમાં કેટલાક લોકો તેમજ પત્રકારો પણ ઘણીવાર કહે છે કે આજના યુવકો ધર્મમાં રસ લેતા નથી–પણ અમે નમ્રતાપૂર્વક કહીશું કે એ વાત સાચી નથી; આજના આપણા હજારો સુશિક્ષિત જૈન યુવક બંધુઓ ધર્મમાં ઘણા ઉત્સાહથી રસ લઈ રહ્યા છે. માત્ર દર્શન–પૂજન જ નહિ, તે ઉપરાંત ધર્મના તત્ત્વજ્ઞાનમાં પણ ઊંડો રસ લઈ રહ્યા છે, તત્ત્વચર્ચા કરે છે, ઉત્તમ શાસ્ત્રોનું વાંચન–શ્રવણ કરે છે. માત્ર આત્મધર્મના બાલવિભાગમાં જ ૬૦૦ ઉપરાંત કોલેજિયન યુવાનો ઉત્સાહથી ધર્મચર્ચામાં ભાગ લઈ રહ્યા છે, કોલેજના ભણતરની સાથે જ તેઓ ધર્મમાં પણ રસ લઈ રહ્યા છે, તેમજ મેટ્રિકની આસપાસના પણ પાંચસો જેટલા વિદ્યાર્થીઓ આમાં ઉત્સાહથી રસ લઈ રહ્યા છે.–આ ઉપરથી ખ્યાલ આવશે કે આજના યુવકો ધર્મમાં કેટલો રસ લ્યે છે! ખરૂં જોતાં ગાંધીજીના જમાનામાં યુવાનોમાં જે રાજકીય રંગ હતો તે રાજકીય ઉત્સાહ હવે ઓસરી રહ્યો છે ને તેને બદલે આપણા જૈનયુવાનોનું વલણ ધાર્મિક ઉત્સાહ તરફ ઝૂકી રહ્યું છે, વળી આજના યુવાનો અંધશ્રદ્ધાથી નથી દોરવાતા પરંતુ તત્ત્વજ્ઞાનની કસોટીથી પરીક્ષા કરીને ધર્મનું રહસ્ય સમજવાનો પ્રયત્ન કરે છે–તે પણ સારી વાત છે. આપણે ઇચ્છીએ કે જૈનસમાજના સમસ્ત યુવાનો અને બાળકો ધર્મમાં વધુ ને વધુ ઉત્સાહથી ભાગ લ્યે, તેમને તે પ્રકારનું પ્રોત્સાહન આપવામાં આવે–અને તેઓ જૈનશાસનના પ્રભાવને ઉન્નતિના શિખરે પહોંચાડીને વિશ્વમાં તેનો ધર્મધ્વજ ફરકાવે. **–બ્ર. હ. જૈન.**

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૩
ભાદરવો

* વર્ષ ૨૪ : અંક ૧૧ *

# શાંતિનો હિમાલય

અહો, જગતમાં આ ચૈતન્યસ્વભાવ એ તો શાંતિનો ડુંગર છે. 'હિમાલય' એટલે બરફનો ડુંગર; તેમ આ ચૈતન્યસ્વભાવ આત્મા પરમ શાંતરસનો હિમાલય છે. જેમ ઉનાળાની ગરમીમાં હિમાલયની વચ્ચે જઈને બેસે તો કેવી ઠંડક લાગે! તેમ પરભાવોની આકુળતાથી બળબળતા આ સંસારમાં જો શાંતરસના હિમાલય એવા આત્મસ્વરૂપમાં જઈને બેસે તો ઉપશાંતરસની પરમ ઠંડક એટલે કે નિરાકુળ શાંતિ વેદાય. પ્રભુ! એકવાર આવા તારા ગુણમાં નજર તો કર. તારા ગુણના કાર્યને ઓળખીને એની શાંતિનો સ્વાદ એકવાર ચાખ તો ખરો!–પછી તને તારા એ શાંતરસ પાસે આખો સંસાર નીરસ લાગશે,–બળબળતા તાપ જેવો લાગશે. જેમ બરફ એ ઠંડકનો ઢીમ છે તેમ આ ચૈતન્યપ્રભુ એકલા આનંદનો ઢીમ છે; શાંતરસનો સાગર એનામાં ભર્યો છે. આવા તારા સ્વભાવમાં જઈને નજર તો કર; વિકારનો આતાપ એમાં છે જ નહીં. વિકારનો સ્પર્શ પણ તારા સ્વભાવમાં નથી. આવા સ્વભાવની શાંતિમાં સન્તો વસે છે, ને જગતને માટે તેમણે આવો સ્વભાવ પ્રસિદ્ધિમાં મુક્યો છે: અરે જગતના જીવો! તમારા આવા અદ્‌ભુત આત્મવૈભવને તમે જાણો...રે જાણો...જગતના તાપથી બચવા શાંતિના આ હિમાલયમાં આવો રે આવો.

(–આત્મવૈભવ)

# * સ્વાનુભવના ચિહ્નરૂપ જ્ઞાનચેતના *

## ( જ્ઞાનીના હૃદયની વાત )

સં. ૧૯૯૨ ની એટલે કે આજથી ૩૧ વર્ષ પહેલાંની વાત છે. તે વખતે ગુરુદેવ પાસે સ્વાનુભવની એક અત્યંત મહત્ત્વની ચર્ચા થયેલી. કોઈકવાર પ્રસન્નતાથી ને ઘણા ગંભીર ભાવથી તે ચર્ચાનો પ્રસંગ યાદ કરીને જ્યારે ગુરુદેવ સંભળાવે છે ત્યારે જિજ્ઞાસુના રોમેરોમ પુલકિત થઈને જ્ઞાનીના સ્વાનુભવ પ્રત્યે ઉલ્લસી જાય છે. તે ચર્ચામાં ગુરુદેવે પૂછેલું કે જ્ઞાનચેતનાનું ફળ શું? જ્ઞાનચેતના ઉઘડે એટલે બધા શાસ્ત્રોના અર્થનો ઉકેલ કરી નાંખેને?

**ઉત્તરઃ-** જ્ઞાનચેતના તો અંતરમાં પોતાના આત્માને ચેતનારી છે. જ્ઞાનચેતનાના ફળમાં શાસ્ત્રના ઉકેલ થવા માંડે-એવું તેનું ફળ નથી, પણ આત્માના અનુભવનો ઉકેલ પામી જાય એવી જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાનું ફળ તો એ છે કે પોતાના આત્માને ચેતી લ્યે. શાસ્ત્રના ભણતર ઉપરથી જ્ઞાનચેતનાનું માપ નથી. જ્ઞાનચેતના તો અંતરમાં આત્માને ચેતે છે, જ્ઞાનસ્વરૂપ આત્માને જે ચેતે-અનુભવે તે જ્ઞાનચેતના છે. જ્ઞાનચેતનાનું કાર્ય અંતરમાં આવે છે, બહારમાં નહીં. કોઈ જીવ શાસ્ત્રના અર્થની ઝપટ બોલાવે માટે તેને જ્ઞાનચેતના ઉઘડી ગઈ એમ તેનું માપ નથી; કેમકે કોઈકને તે પ્રકારનો ભાષાનો યોગ ન પણ હોય, ને કદાચ તેવો પરનો વિશેષ ઉઘાડ પણ ન હોય; અથવા કદાચ બહારનો તેવો વિશેષ ઉઘાડ હોય તોપણ કાંઈ જ્ઞાનચેતનાની નિશાની તે નથી. જ્ઞાનચેતનાનું કાર્ય તો અંતરની અનુભૂતિમાં છે. જ્ઞાનને અંતરમાં વાળીને જેણે રાગથી ભિન્ન સ્વરૂપને અનુભવમાં લઈ લીધું છે તે જીવને અપૂર્વ જ્ઞાનચેતના અંતરમાં ખીલી ગઈ છે. એની ઓળખાણ થવી જીવોને કઠણ છે.

જ્ઞાનચેતના એટલે શુદ્ધાત્માને અનુભવનારી ચેતના, તે ચેતના મોક્ષમાર્ગ છે. આ જ્ઞાનચેતનાનો સંબંધ શાસ્ત્રના ભણતર સાથે નથી. જ્ઞાનચેતના તો અંતર્મુખ થઈને આત્માના સાક્ષાત્કારનું કાર્ય કરે છે. ઓછું-વધારે જાણપણું હો તેની સાથે સંબંધ નથી, પણ જ્ઞાનાનંદસ્વભાવની સન્મુખ થતાં જ્ઞાનચેતના પ્રગટે છે. તે જ્ઞાનચેતનામાં આત્મા અત્યંત શુદ્ધપણે પ્રકાશે છે. આવી જ્ઞાનચેતના ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે. જ્ઞાની આવી જ્ઞાનચેતનાવડે કેવળજ્ઞાનને બોલાવે છે.

( આ પ્રશ્ન-ઉત્તરમાં જ્ઞાનીનું હૃદય ભર્યું છે. આના ભાવો સ્વાનુભવ માટે ખૂબ ઊંડેથી મનનીય છે. ગુરુદેવ આ ચર્ચાનો ઘણો મહિમા કરે છે. )

# આત્માનો સ્વાધીન સ્વભાવ

## તારા સમ્યક્ત્વાદિ-કાર્યના કારણને ક્યાં શોધીશ?

આત્માના અંતરમાં જે વૈભવ ભર્યો છે તેનું આ વર્ણન છે. અરે, ચૈતન્યદરબારમાં કેવો અનંત રત્નોનો સાગર ભર્યો છે! કેવો અચિંત્ય ચૈતન્યવૈભવ અંદર ભર્યો છે! તે સન્તોએ બતાવ્યો છે. અહો, આવા નિજવૈભવને કોણ ન દેખે? કોણ ન લ્યે? કોણ ન અનુભવે? હે જીવો! તમે તમારા આવા આત્મવૈભવને દેખો, અનુભવો; તમને પરમ આનંદ થશે.

આ જ્ઞાનસ્વરૂપી આત્મદ્રવ્ય એવું છે કે અન્ય વડે તે કરાયેલું નથી એટલે 'અકાર્ય' છે; અને પોતે કોઈ અન્યને કરતું નથી એટલે 'અકારણ' છે. આ રીતે જ્ઞાનસ્વભાવી આત્મા અકાર્યકારણપણારૂપ ધર્મથી સહિત છે. જેમ આત્મદ્રવ્ય પરના કાર્ય–કારણપણા વગરનું છે તેમ તેના સર્વે ગુણો ને પર્યાયો પણ પર સાથેના કાર્ય–કારણ વગરનાં છે.

આત્મા પરનું કારણ નથી ને પરનું કાર્ય પણ નથી. આત્માનો સ્વભાવ એવો સ્વાધીન છે કે પરથી કરાતો નથી; વિકલ્પ કર્તા થઈને આત્માના સ્વભાવનું કાર્ય કરે–એવો આત્મા નથી. તેમજ આત્મા કારણરૂપ થઈને રાગને કરે–એવો પણ તેનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ એવા અકાર્યરૂપ છે કે અન્ય કોઈ કારણોની અપેક્ષા તેને નથી. નિજસ્વભાવ સિવાય અન્ય કોઈ કારણોને તે પોતાના કારણપણે સ્વીકારતો નથી. તેમજ કર્મ વગેરે અન્ય પદાર્થનું કારણ થાય એવું કારણપણું પણ આત્માના સ્વભાવમાં નથી. ત્રિકાળીસ્વભાવમાં તો નથી ને તે સ્વભાવ તરફ ઝુકેલી નિર્મળપર્યાયમાં પણ કોઈ પરભાવો સાથે કારણ–કાર્યપણું નથી. આત્માની કોઈ શક્તિ (ગુણ) પોતે જો વિકારનું કારણ થાય તો તો વિકાર સદા થયા જ કરે.–પણ એમ નથી.

સ્વભાવ તરફ ઝુકતાં તો વિકાર ટળી જાય છે માટે વિકાર તે સ્વભાવનું કાર્ય નથી. તેમજ વિકારીભાવો (શુભરાગ) કારણ થઈને આત્માના સમ્યગ્દર્શનાદિ કાર્યને કરે એમ પણ નથી. જ્ઞાનાદિ નિજશક્તિથી આત્મા સ્વયં નિર્મળ કાર્યરૂપે પરિણમે છે. આત્માની એક્કેય શક્તિ એવી નથી કે નિજકાર્ય માટે બીજાનું અવલંબન લ્યે. જ્ઞાન પોતાના કાર્ય માટે બીજાનું અવલંબન લ્યે અથવા તો જ્ઞાન પરિણમીને બીજાનું કાર્ય કરે–એવું અન્ય સાથે કાર્ય–કારણપણું જ્ઞાનમાં નથી. આત્માની જ્ઞાનશક્તિને જ્ઞાનાવરણકર્મની સાથે ખરેખર કારણ–કાર્યપણું નથી. આત્માની આવી અકારણ–કાર્યશક્તિ સર્વગુણોમાં વ્યાપેલી છે એટલે જ્ઞાનની જેમ શ્રદ્ધા, આનંદ વગેરે કોઈ પણ ગુણને કે તેની પર્યાયને પર સાથે કારણ–કાર્યપણું નથી. શુભ–રાગ કારણ થઈને સમ્યગ્દર્શનાદિ કાર્યને કરી દ્યે–એમ બનતું નથી. રાગમાંથી સમ્યગ્દર્શનાદિ કાર્ય આવે તો તો આત્મા રાગમય થઈ ગયો; કેમકે કારણ અને કાર્ય જુદી જાતના ન હોય.

આત્માની દરેક શક્તિમાં સ્વયં કારણ–કાર્યપણું સમાય છે, પર સાથે એનો સંબંધ નથી. આનંદનું કારણ કોણ? કે આત્માની આનંદશક્તિ જ આનંદનું કારણ છે. જ્ઞાનનું કારણ કોણ? કે જ્ઞાનશક્તિ જ જ્ઞાનનું કારણ છે. એમ અનંત ગુણોમાં પોતપોતાના કાર્યનું કારણ થવાની તાકાત છે. પર સાથે કારણ–કાર્યપણું નથી. આત્માના અનંતગુણો સદા એકક્ષેત્રે રહેલા છે, ગુણોને ક્ષેત્રભેદ નથી. દ્રવ્ય–ગુણને સદા એકક્ષેત્રપણું છે ને તેની પર્યાય પણ સ્વક્ષેત્રમાં જ વ્યાપક છે. આત્માના આવા દ્રવ્ય–ગુણ કે પર્યાયમાં અન્યનું કારણ–કાર્યપણું જરાપણ નથી. જ્યાં અકારણ–કાર્યસ્વભાવી આવું દ્રવ્ય દ્રષ્ટિમાં લીધું ત્યાં સ્વદ્રવ્યને જ કારણ બનાવીને નિર્મળપર્યાયરૂપ કાર્ય થાય છે. શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, આનંદમાં બધા ગુણોની નિર્મળપર્યાયમાં સ્વશક્તિ જ કારણરૂપ છે, બીજું કોઈ કારણ નથી. બીજાને પોતાનું કારણ બનાવે એવું પરાધીનપણું આત્માના સ્વભાવમાં જ નથી. સ્વ–કારણ–કાર્યની સ્વાધીન પ્રભુતામાં ભગવાન આત્મા બિરાજી રહ્યો છે.

ભગવાન! તારી શાંતિ માટે, સુખ માટે બીજું કોઈ કારણ છે જ નહીં, તારામાં જ તારી શાંતિનું, સુખનું કારણ થવાનો સ્વભાવ છે. શ્રી રામચન્દ્રજી જ્યારે લક્ષ્મણના શરીરને ખભે ઉપાડીને ફરતા, ને જ્યારે સીતાની શોધમાં

વન–જંગલમાં ઘૂમતા, ત્યારે પણ તેઓ આત્માની આવી પ્રભુતાને જાણતા હતા; ને તે વખતના રાગ સાથે પોતાના સ્વભાવનું કારણ–કાર્યપણું સ્વીકારતા ન હતા. તે વખતેય પરના કે રાગના કારણ વગર જ તેમના આત્મામાં સમ્યગ્દર્શનાદિ કાર્ય થતું હતું. જ્ઞાનાદિ નિર્મળભાવોના જ કારણ–કાર્યપણે તેમનો આત્મા પરિણમતો હતો. એ જ રીતે સીતાજીને પણ વનવાસ વખતે અંદર આવા આત્માનું ભાન હતું. મારા આત્માના જીવન માટે કોઈ અન્ય કારણ નથી, મારા જ્ઞાનને કે મારા સુખને અન્ય સાથે કારણ–કાર્યપણું નથી; પરની સાથે કારણ–કાર્યસંબંધ વગરનો મારો નિરપેક્ષ આત્મા જ મારું શરણ છે; મારા આનંદમાં બીજું કોઈ કારણ થાય તેમ નથી. મારો આનંદ સ્વભાવ જ સ્વયં પરિણમીને આનંદરૂપ કાર્ય કરે છે. દરેક આત્માનો આવો જ સ્વભાવ છે પણ એને જે લક્ષમાં લ્યે તેને તે પર્યાયમાં પ્રગટે છે, ને ત્યારે ભગવાન આત્મા પોતાના અનેકાન્ત–વૈભવથી પ્રસિદ્ધ થાય છે. આત્મામાં નિર્મળ પર્યાયના ઉત્પાદ–વ્યય થાય છે તે તો સ્વભાવ છે, તેમાં કોઈ બીજું કારણ નથી. તેમજ આત્મા પોતાની પર્યાયવડે કારણ થઈને બીજાના કાર્યને કરે એમ પણ બનતું નથી. આત્માની જ્ઞાનપર્યાયને પોતાની જ્ઞાનશક્તિ સાથે જ કાર્ય–કારણપણું છે, જ્ઞાનાવરણાદિ પર સાથે તેને કારણ–કાર્યપણું નથી.

લોકો કહે છે કે કારણને શોધો.–પણ ભાઈ ! તું કારણને ક્યાં શોધીશ ?–તારામાં કે પરમાં ? પરમાં તો તારું કારણ છે જ નહીં, એટલે એમાં શોધવું નકામું છે. તારો સહજસ્વભાવ જ તારા કારણરૂપે પરિણમીને તને કેવળજ્ઞાન આપે એવો છે. પ્રવચનસારમાં આચાર્યદેવ કહે છે કે જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ કેવળજ્ઞાન પ્રગટે છે. નિશ્ચયથી પરની સાથે આત્માને કારકપણાનો સંબંધ નથી–કે જેથી શુદ્ધઆત્મસ્વભાવની પ્રાપ્તિને માટે સામગ્રી ( બાહ્ય સાધનો ) શોધવાની વ્યગ્રતાથી જીવો નકામા પરતંત્ર થાય છે.

પોતે કારણરૂપ થઈને બીજાનું કાર્ય કરે નહિ એવો ‘અકારણ’ સ્વભાવ, અને બીજાને કારણ તરીકે સ્વીકારીને પોતે તેનું કાર્ય ન થાય એવો ‘અકાર્ય’ સ્વભાવ; આવો અકારણ–કાર્યસ્વભાવ આત્મામાં ત્રિકાળ છે; તે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં વ્યાપક છે, એટલે જેમ ત્રિકાળી દ્રવ્ય–ગુણ અન્યથી કરાતા નથી તેમ પર્યાય પણ અન્યથી કરાતી નથી. વાહ ! કેટલી સ્વાધીનતા !

આત્માને પોતાના ધર્મની પરિણતિ માટે દેહાદિની ક્રિયા સાધન થાય એમ માને તેને આત્માના સ્વભાવની ખબર નથી. પરમેશ્વરપણું પોતામાંથી પ્રાપ્ત થાય ને બીજાની ઓશીયાળ ન રહે એવી આ વાત છે. આવો જ આત્માનો વૈભવ છે. આ વસ્તુ લક્ષમાં લ્યે તો ઉપાદાન–નિમિત્ત કે નિશ્ચય–વ્યવહાર વગેરે બધા તત્ત્વોનો નિર્ણય થઈ જાય. અરે આત્મા! તારામાં પ્રભુતાનું પરમ સામર્થ્ય ભર્યું છે પછી તારે બીજા કોની મદદ લેવી છે? તારી શક્તિમાં એવી કોઈ અધૂરાશ ક્યાં છે કે તારે બહારમાં બીજા કારણને શોધવા પડે? અરે, સ્વશક્તિમાં મહાન સામર્થ્ય છે તેને ભૂલીને, નિમિત્તકારણ પાસે દીનતા કરીને તું કેમ અટકયો? પરને કારણે આત્મામાં હીનતા થાય એ વાત તો દૂર રહો, ને પોતાની પર્યાયને કારણે હીનતા થાય તે પણ આત્માના સ્વભાવમાં નથી. દીનતા કે હીનતા વગરનો આત્મસ્વભાવ છે તેની શક્તિમાંથી તો પૂરો વિકાસ જ પ્રગટે, અને તે પણ અન્ય કારણ વગર જ પ્રગટે એવો આત્માનો સ્વભાવ છે. સ્વભાવનો આવો વૈભવ તારામાં ભર્યો જ છે, તેમાં નજર કર એટલી જ પ્રગટવાની વાર છે.

સમયસાર ગા. ૭૨માં આત્મા અને આસ્રવોની ભિન્નતાનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે–આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે; અને ભગવાન આત્મા તો, સદાય નિરાકુળતા–સ્વભાવને લીધે કોઈનું કાર્ય તેમજ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ છે. આત્મા પોતે નિજસ્વભાવથી દુઃખનું કારણ હોઈ શકે નહિ, દુઃખનું કારણ તો નવા આગન્તુક મલિન આસ્રવભાવો છે. આત્માનો સ્વભાવ દુઃખનું કારણ નથી. ગુણસ્વભાવ આત્મા પોતાના ગુણોના કાર્યનું કારણ થાય છે, પણ અન્યનું કારણ થતો નથી. જો બીજા સાથે કારણ–કાર્યપણું કરવા જાય તો ત્યાં આકુળતા ને દુઃખની ઉત્પત્તિ થાય છે. આ રીતે પર સાથે એકત્વબુદ્ધિરૂપ આસ્રવ તે દુઃખનું કારણ છે ને ભગવાન આત્મા સ્વયમેવ સુખરૂપ હોવાથી દુઃખનું કારણ નથી.– આમ ભિન્નતા જાણીને, ક્રોધાદિથી ભિન્ન આત્મસ્વભાવનો અનુભવ કરતાં આત્મા નિર્મળ સુખરૂપે પરિણમે છે, ને દુઃખરૂપ એવા આસ્રવભાવો છૂટી જાય છે.

આ ચૈતન્યદરિયામાં અનંત ગુણરત્નો ભર્યા છે, એકેક રત્ન મહાન છે;

આવો મહા ચૈતન્ય–રત્નાકર આત્મા જગતમાં સૌથી શ્રેષ્ઠ રત્ન છે. આવા શ્રેષ્ઠ ચૈતન્ય–રત્નોનો મહા મોટો ભંડાર તું પોતે, ને બીજેથી તું સુખ લેવા જા એ તો, મીઠા પાણીના દરિયામાં રહેતું માછલું પોતાની તરસ છીપાવવા બીજા પાસે પાણી માંગે એના જેવું છે. જેમ ચક્રવર્તીરાજા બીજા પાસે ભીખ માંગે એ શોભે નહીં; તો ચક્રવર્તી પણ જેને સેવે એવો આ મોટો ચૈતન્ય–ચક્રવર્તી, તે પોતાનું સુખ બીજા પાસે માંગે એ તેને શોભતું નથી. આત્મા પોતે પોતાના સ્વભાવના સેવનથી જ શોભે છે. હે જીવ! તારું રૂપ તો સ્વાધીનપણે પરિપૂર્ણ છે તેને બદલે પરને લઈને મારામાં ગુણ થાય એમ તું માને છે તે તો તને મોહનું ભૂત વળગ્યું છે.

તારા કારણ–કાર્ય તારામાં છે–એ વાત સમજાવીને સંતોએ અપૂર્વ સ્વાધીનતાનું જ્ઞાન કરાવ્યું છે. સ્વાધીન હોવા છતાં પોતે પોતાને પરાધીન માની બેઠો હતો. ભાઈ, તારા કાર્યનું કારણ તારામાં જ છે, પરની સાથે તારા કોઈ પણ ગુણને કારણ–કાર્યપણું છે જ નહિ, પછી બીજે શોધવાનું ક્યાં રહ્યું? અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને જ સાધન બનાવ. સ્વભાવને સાધનપણે અંગીકાર કરતાં, આત્મા પોતે સાધન થઈને કેવળજ્ઞાનાદિ કાર્યરૂપે પરિણમી જાય છે. પરના અવલંબને કે રાગના અવલંબને આત્મામાં કેવળજ્ઞાનાદિ કાર્ય થાય–એવો આત્માનો સ્વભાવ નથી. તેમજ પરવસ્તુમાં પણ એવો સ્વભાવ નથી કે તેઓ આત્માને કાંઈ આપે, અથવા આત્માનું સાધન થાય.

અહા, કેટલો સ્વાધીન સ્વભાવ! કેટલી નિરાકુળતા ને કેટલી શાંતિ!

અનંત ગુણના વૈભવવાળા આ આત્મામાં એવો કોઈ ગુણ નથી કે જે રાગને કરે ને કર્મને કારણરૂપ થાય. અને આત્મગુણના આશ્રયે જે નિર્મળ પરિણતિ પ્રગટી તે પણ અન્યને (રાગને કે કર્મને) કારણરૂપ થતી નથી કે અન્યને પોતાનું કારણ બનાવતી નથી. ધર્મીનો આત્મા કારણ થઈને રાગને કરે કે મકાન વગેરેની રચના કરે–એમ નથી. જે શુભરાગ થાય તે રાગનું કારણ થવાનો આત્માનો સ્વભાવ નથી; તેમજ પોતાના સ્વભાવકાર્યમાં રાગને કારણ બનાવે એવો પણ આત્માનો સ્વભાવ નથી. આવો સ્વભાવ જેણે પ્રતીતમાં લીધો તેને અકારણ–કાર્ય–સ્વભાવનું સમ્યક્ પરિણમન પ્રગટયું, એટલે રાગાદિના કર્તૃત્વરહિત જ્ઞાનભાવપણે જ રહેતો તે મોક્ષને સાધે છે.

શરીરાદિના કોઈપણ કાર્યનું કારણ થાય એવો કોઈ સ્વભાવ આત્માના દ્રવ્યમાં ગુણમાં કે પર્યાયમાં નથી. તેમજ શરીરાદિને કારણ બનાવીને આત્મા તેનાથી કાંઈ ધર્મ કરે–એવો પણ સ્વભાવ નથી. આત્માને કાંઈ આપે એવો સ્વભાવ જડમાં નથી, ને જડમાંથી કાંઈ લ્યે એવો સ્વભાવ આત્મામાં નથી. આત્માને પરની સાથે કારણ–કાર્યપણાનો અભાવ છે. કારણ–કાર્યની વાત કાઢી નાંખીને પરની સાથેનો સંબંધ જ તોડી નાખ્યો, એટલે હવે પોતાના ત્રિકાળી દ્રવ્ય–ગુણ સાથે જ પર્યાયનો સંબંધ થયો, પર્યાય પરથી પાછી વળીને સ્વદ્રવ્ય તરફ વળી; પોતાના શુદ્ધ દ્રવ્યગુણમાં એકાગ્ર થતાં પર્યાય પણ તેવી નિર્મળ થઈ. તે પર્યાયમાં પરની સાથે (રાગની સાથે) કારણ–કાર્યપણાનો કાંઈ સંબંધ નથી. આનું નામ ધર્મ, ને આ મોક્ષનો માર્ગ.

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે-

છૂટે દેહાધ્યાસ તો નહીં કર્તા તું કર્મ,<br>
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

તેમ અહીં કહે છે કે-

છૂટે રાગ–અધ્યાસ તો, નહીં કર્તા તું કર્મ,<br>
નહીં ભોક્તા તું તેહનો, એજ ધર્મનો મર્મ.

દેહ હું, રાગ હું, ને તે મારું કાર્ય એવી જે રાગ સાથે એકત્વબુદ્ધિ, તેને લીધે અજ્ઞાની રાગાદિનો કર્તા થાય છે; હું તો જ્ઞાન છું, રાગ હું નથી, ને રાગ મારા જ્ઞાનનું કાર્ય નથી–એવી ભિન્નતાના ભાન વડે જ્યાં રાગ સાથે એકતાબુદ્ધિનો અધ્યાસ છૂટી ગયો ત્યાં ધર્મીજીવ જ્ઞાનરૂપે જ પરિણમે છે, તે રાગાદિનો કર્તા–ભોક્તા થતો નથી. આવી દશા પ્રગટે તેનું નામ ધર્મ છે.

અશુદ્ધઉપયોગના નાશને માટે ધર્મી જીવ કેવી મધ્યસ્થ–ભાવના પ્રગટ કરે છે તેનું વર્ણન કરતાં પ્રવચનસારમાં કહે છે કે-

હું દેહ નહીં, વાણી ન, મન નહીં, તેમનું કારણ નહીં;<br>
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. (૧૬૦)

જેને દેહાદિનાં કાર્યો પ્રત્યે કર્તૃત્વબુદ્ધિ હોય તેને તેમાં મધ્યસ્થતા રહી શકે જ નહીં. ધર્મી જાણે છે કે હું દેહાદિનો આધાર નથી, કર્તા નથી, કારણ

નથી; મારા આધાર વિના જ, મારા કર્તૃત્વ વિના જ, મારા કારણ થયા વિના જ, તેઓ સ્વતંત્રપણે પરિણમી રહ્યાં છે; માટે તેના પક્ષપાત રહિત હું અત્યંત મધ્યસ્થ છું. જ્ઞાનસ્વરૂપ આત્માનો આવો મધ્યસ્થ સ્વભાવ છે.

ધર્મીએ આવો આત્મા જાણ્યો છે. બધાય આત્માનો આવો જ સ્વભાવ છે પણ અજ્ઞાની તેને જાણતો નથી, વિપરીત માને છે; ને જ્ઞાની તેને યથાર્થ જાણે છે. આત્મા બીજાનું કાંઈ કરી ન શકે તો તો તે શક્તિહીન થઈ ગયો–એમ અજ્ઞાનીને લાગે છે, પણ ભાઈ! તારી સ્વશક્તિ તો તારામાં કામ કરે કે પરમાં? જો તારો આત્મા પરનાં કામ કરે ને પર ચીજ તારા આત્માનું કામ કરે,–તો તારા કાર્ય માટે તારે પર સામે જ જોવાની ઓશીયાળ રહી,–એ તો મહા વિપરીતતા છે, પરાધીનતા છે, દુઃખ છે. તારી સ્વશક્તિ તારામાં, તે સ્વાધીનપણે નિજકાર્ય કરે છે, પોતાના કાર્ય માટે તેને પરની જરાય અપેક્ષા નથી. આવું અકારણ–કાર્યપણું તારા આત્મામાં છે, તેમજ બધાય પદાર્થોમાં છે. તારા અકારણ–કાર્ય સ્વભાવને લીધે તારા બધા ગુણોમાં ને તેની પર્યાયોમાં અકારણ–અકાર્યપણું છે, તારા એક્કેય ગુણમાં કે એક્કેય પર્યાયમાં પર સાથે કારણ–કાર્યપણું નથી. તારો સ્વભાવ કારણ ને તારી પર્યાય કાર્ય; શુદ્ધસ્વભાવરૂપ જે કારણ તેનું કાર્ય પણ શુદ્ધ છે, અશુદ્ધતા તે ખરેખર શુદ્ધશક્તિનું કાર્ય નથી. અશુદ્ધતાનું કારણ થવાનો કોઈ ગુણ આત્મામાં નથી. આવી શુદ્ધ શક્તિવાળા જ્ઞાનમાત્ર આત્માને (–શુદ્ધકાર્ય સહિત) સમ્યગ્દષ્ટિ દેખે છે.

મહાત્મા કહે છે કે અરે આત્મા! ભગવાન તીર્થંકરદેવે આવો આત્મા જાણીને કહ્યો છે, સંતોએ પોતાના અંતરમાં આવો આત્મા અનુભવ્યો છે. તારા આવા આત્માને ભૂલીને તું ચાર ગતિમાં રખડયો ને તેં મહા દુઃખ ભોગવ્યા. તારો સ્વભાવ મોટો છે ને તારા દુઃખની વીતકકથા પણ મોટી છે; તે દુઃખ મટાડવાની, ને આત્મસુખ પ્રાપ્ત કરવાની આ વાત છે. તારા સ્વવૈભવને સંભાળતાં તેમાં દુઃખ ક્યાંય છે જ નહીં. જૈનશાસનમાં વીતરાગી સન્તોએ આવા આત્મવૈભવની પ્રસિદ્ધિ કરી છે.

(આત્મવૈભવનું એક પ્રકરણઃ વધુ આવતા અંકે)

* * *

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( અંક ૨૮૬ થી ચાલુ ) * ( લેખાંક ૫૪ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

દેહ અને આત્માનો સંયોગ દેખીને અજ્ઞાની તે બંનેની ક્રિયાઓ એકબીજામાં ભેળવી દે છે, બંનેના ભિન્ન લક્ષણોને જાણતો નથી ને બંનેની ભિન્ન ક્રિયાઓ ઓળખતો નથી–એ વાત ૯૧ મી ગાથામાં કરી. હવે ૯૨ મી ગાથામાં કહે છે કે–દેહ અને આત્માનો સંયોગ હોવા છતાં, ભેદજ્ઞાની અંતરાત્મા તેમને ભિન્ન ભિન્ન સમજે છે ને એકબીજામાં ભેળવતો નથી–

दृष्टभेदो यथा दृष्टिं पंगोरन्धे न योजयेत्।
तथा न योजयेत् देहे दृष्टात्मा दृष्टिमात्मन:।।९२।।

જેણે દ્રષ્ટિવંત પંગુ અને દ્રષ્ટિહીન અંધ એ બંને વચ્ચે ભેદ જાણ્યો છે એટલે કે દેખવાનું કામ તો પંગુનું છે ને ચાલવાનું કામ અંધનું છે એમ ભિન્નતા જાણે છે તે જીવ પંગુની દ્રષ્ટિને અંધમાં આરોપતો નથી; તેમ જેણે ચેતનવંત એવો જીવ અને ચેતનહીન એવું જડ–શરીર એ બંને વચ્ચે ભેદ જાણ્યો છે, જાણવાનું કાર્ય તો જીવ કરે છે, ને શરીરની ચેષ્ટાઓ તો જડની છે–એમ બંનેનું ભિન્ન ભિન્ન સ્વરૂપ જેણે જાણ્યું છે તે ચેતનના ભાવને જડમાં ખતવતો નથી, આત્માને દેહની ક્રિયામાં જોડતો નથી એટલે કે દેહની ક્રિયા આત્મા કરે છે–એમ તે દેખતો નથી, પણ દેહ અને આત્મા બંનેની ક્રિયાને ભિન્ન ભિન્ન જ દેખે છે.–આવી ભિન્નતા દેખનાર અંતરાત્મા છે.

જુઓ, ઇંદ્રિયોમાં કાંઈ જાણવાની તાકાત નથી. કોઈને જાતિસ્મરણ થતાં પૂર્વના અનેક ભવો દેખાય,–તે શું આંખથી દેખાય છે? જ્ઞાનથી જ તે દેખાય છે. અવધિજ્ઞાનીને અહીં બેઠા બેઠા સ્વર્ગ–નરક સાક્ષાત્ દેખાય, તે શું આંખની તાકાત છે?–નહિ, જ્ઞાનની જ જાણવાની તાકાત છે. આંખ તો એકકોર બહાર રહી જાય છે. સર્વજ્ઞ પરમાત્મા આંખના અવલંબન વગર આત્મામાં જ એકાગ્રતાથી આખા જગતને સાક્ષાત્ દેખે છે–જાણે છે. જાણવું તે ઇન્દ્રિયોની ક્રિયા નથી, જાણવું તે તો જ્ઞાનની ક્રિયા છે,–એમ ધર્મી બંનેને ભિન્ન ભિન્ન ઓળખે છે.

દેહ અને આત્મા સંયોગમાં રહ્યા ત્યાં અજ્ઞાનીને એમ થાય છે કે દેહનાં કામ જાણે આત્મા જ કરે છે; અથવા આ આંખ વગેરે

જડ ઇન્દ્રિયો જાણવાનું કામ કરે છે. પણ જડ અને ચેતનની ભિન્ન ભિન્ન ક્રિયાને તે ઓળખતો નથી. ભાઈ, જાણવાનું કામ કાંઈ આ આંખ નથી કરતી, જાણવાનું કામ તો અંદર જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કરે છે. ધર્મી–અંતરાત્મા જાણે છે કે જ્ઞાતાદ્રષ્ટા તો હું છું, મારો જ્ઞાન–દર્શનસ્વભાવ આ દેહમાં નથી, દેહથી તો હું તદ્દન જુદો છું. પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માને શરીરાદિ પદાર્થોથી અત્યંત ભિન્ન તે અનુભવે છે.




ભાઈ, શરીર ને આત્મા તો અત્યંત ભિન્ન છે; સંયોગે રહ્યા હોવા છતાં બંનેના સ્વભાવ વચ્ચે અત્યંત અભાવરૂપી મોટો પર્વત ઊભો છે; એકબીજાનો અંશ પણ એકબીજામાં ભેળસેળ થતો નથી. એક રૂપી, બીજો અરૂપી; એક જડ બીજો ચેતન, એમ બંનેના સ્વભાવની તદ્દન ભિન્નતાને જ્ઞાની જાણે છે. જ્યાં પોતાના જ્ઞાનમાં રાગના અંશનેય નથી ભેળવતા ત્યાં જડને તો પોતામાં જ્ઞાની કેમ માને? દેહથી ને રાગથી પોતાના આત્માને અત્યંત જુદો અનુભવે છે.

[ વીર સં. ૨૪૮૨: શ્રાવણ સુદ ૯ ]

ભેદજ્ઞાની જીવ જડ–ચેતનની ભિન્નતા જાણે છે; ને અજ્ઞાની તે બંનેને એક માને છે; તે વાત અહીં લંગડા ને આંધળાના દ્રષ્ટાંતથી સમજાવી છે. આંધળાના ખભા ઉપર લંગડો બેઠો હોય, ને લંગડો માર્ગ જાણે તે પ્રમાણે આંધળો ચાલે,–ત્યાં અજ્ઞાનીને ભ્રમથી તે બંનેની એક ક્રિયા લાગે છે, પણ ખરેખર ત્યાં જાણવાની ક્રિયા લંગડાની છે, ને ચાલવાની ક્રિયા આંધળાની છે. તેમ શરીર અને આત્મા એક ક્ષેત્રમાં રહ્યા છે ત્યાં આત્માની ક્રિયા તો જાણવાની જ છે, ને શરીર ચાલે–બોલે કે સ્થિર રહે તે બધી ક્રિયાઓ શરીરની જ છે. છતાં અજ્ઞાની ભ્રમથી દેહની ક્રિયાઓને જ આત્માની માને છે, જ્ઞાની તો બંનેની ક્રિયાઓને સ્પષ્ટ ભિન્નભિન્ન જાણે છે. આ જાણવાની

ક્રિયા તો મારી છે, ને આ શરીરની ક્રિયાઓ મારી નથી પણ જડની છે–આમ જાણનાર ભેદજ્ઞાની ધર્માત્માને શરીરાદિમાં પોતાપણાની કલ્પના કદી થતી નથી. ચેતનાગુણ તો આત્માનો છે, તે કાંઈ શરીરનો નથી, શરીર તો ચેતનારહિત જડ છે,–એવું જાણનાર જ્ઞાની પોતાની જ્ઞાનક્રિયાને શરીરમાં નથી જોડતા, આ ઈન્દ્રિયો વડે હું જાણું છું–એમ નથી માનતા, તેમજ શરીરની ક્રિયાઓ મારાથી થાય છે–એમ પણ કદી માનતા નથી. શરીરને અને આત્માને ભિન્નભિન્ન જાણીને આત્મામાં જ જ્ઞાનને જોડે છે–તેમાં જ એકતા કરે છે.

આત્મા જાણનાર અંદર બેઠો છે માટે આત્માને લીધે દેહાદિની હાલવા–ચાલવા–બોલવાની ક્રિયાઓ વ્યવસ્થિત થાય છે–એમ નથી. આત્મા જાણનાર–દેખનાર છે તે શરીરાદિની ક્રિયાઓ પણ જાણનાર જ છે, પણ તેની ક્રિયાનો કરનાર આત્મા નથી.

**પ્રશ્નઃ**- આત્મા ન હોય ત્યારે કેમ શરીરની ક્રિયા થતી નથી ?

**ઉત્તરઃ**- આત્મા ન હોય ત્યારે શરીર સ્થિર રહેલું છે તે પણ તેની એક ક્રિયા જ છે, તે વખતે પણ તેનામાં અનંતા રજકણો ક્ષણે ક્ષણે આવે છે ને જાય છે. જેમ ચાલવું તે એક ક્રિયા છે તેમ સ્થિર રહેવું તે પણ એક ક્રિયા છે. આત્મા હોય ત્યારે પણ શરીરની ક્રિયા શરીરથી થાય છે, ને આત્મા ન હોય ત્યારે પણ શરીરની ક્રિયા શરીરથી જ થાય છે. આત્મા તો જ્ઞાનક્રિયાનો જ કરનાર છે. આત્મા હોય ને ભાષા બોલાય, ત્યાં ખરેખર આત્મા તે ભાષાનો જાણનાર જ છે, પણ અજ્ઞાની ભ્રમથી એમ માને છે કે “હું ભાષા બોલ્યો.” જ્ઞાની પોતાની જ્ઞાનક્રિયા સિવાય દેહાદિની કોઈ ક્રિયાને પોતાની માનતા નથી; તે તો જ્ઞાનસ્વભાવને જ પોતાનો જાણીને તેમાં જ એકાગ્રતા કરે છે. ।। ૯૨।।

અજ્ઞાની બહિરાત્માની બધી અવસ્થાઓ ભ્રમરૂપ છે, ને જ્ઞાની અંતરાત્મા સર્વ અવસ્થાઓમાં ભ્રાંતિરહિત જ છે,–એમ હવે કહે છે–

सुप्तोन्मत्ताद्यवस्थैव विभ्रमोऽनात्मदर्शिनाम्।
विभ्रमोऽक्षीणदोषस्य सर्वावस्थाऽऽत्मदर्शिनः।।९३।।

બહિરાત્માને એમ લાગે છે કે સુપ્ત કે ઉન્મત્ત અવસ્થા તે જ ભ્રમરૂપ છે, જાગૃત દશા વખતે તેને ભ્રમ લાગતો નથી; પણ જ્ઞાની તો જાણે છે કે જે બહિરાત્મા છે તેની બધી જ અવસ્થા ભ્રમરૂપ છે; તે ભલે ભણેલો–ગણેલો ને ડાહ્યો હોય, જાગતો હોય, તોપણ પોતાને દેહાદિરૂપ માનતો હોવાથી તે ભ્રમમાં જ પડેલો છે, મોહથી તે ઉન્મત્ત જ છે. જગત કહે છે કે ડાહ્યો છે, જ્ઞાની કહે છે કે ગાંડો છે. હું ચૈતન્ય છું એવું જેને ભાન નથી ને દેહને જ પોતાનો માની રહ્યા છે તે ગાંડા જ છે.

અને તેથી ઊલટું લઈએ તો, જ્ઞાની ધર્માત્માની બધી અવસ્થાઓ ભ્રમરહિત જ છે. કદાચિત ઉન્મત્ત જેવા દેખાય કે ઊંઘમાં

હોય તોપણ તે વખતે ય જ્ઞાનીની દશા ભ્રમરૂપ નથી, પણ ચૈતન્યસ્વરૂપમાં તે જાગૃત જ છે, દેહાદિમાં પોતાપણાનો ભ્રમ તેને થતો નથી. જુઓ, સીતાનું હરણ થતાં તેના વિયોગમાં રામચંદ્રને મૂર્છા આવી જાય છે, ને ઝાડને તથા પર્વતને પણ પૂછે છે કે ક્યાંય જાનકીને દેખી ?–તો શું તે વખતે ગાંડા છે ? કે ભ્રમવાળા છે ?–ના; તે વખતેય જ્ઞાની છે, અંતરમાં તે વખતેય નિઃશંક ભાન વર્તે છે કે અમે તો ચૈતન્યસ્વરૂપ આત્મા છીએ, સીતા કે સીતા પ્રત્યેનો રાગ તે અમે નથી. આ રીતે જ્ઞાની સર્વ અવસ્થાઓમાં ભ્રાંતિરહિત છે, આત્મા સંબંધી ભ્રાંતિ તેમને થતી નથી. ને અજ્ઞાની, કદાચિત સ્ત્રી વગેરે મરવા છતાં રુએ નહિ તોપણ તે ઉન્મત્ત અને ભ્રાન્ત છે. સત્–અસતને જુદા જાણ્યા વગર એટલે કે સ્વ–પરને જુદા જાણ્યા વગર, અજ્ઞાનપણે પોતાને ફાવે તેમ બંનેને એકમેક માને છે, એવા અજ્ઞાનીનું બધું જ્ઞાન ને બધી ચેષ્ટાઓ ઉન્મત્તવત્ છે તેથી મિથ્યા છે,–એમ મોક્ષશાસ્ત્રમાં ઉમાસ્વામીએ પણ કહ્યું છે.

રાગ અને દેહાદિની બધી અવસ્થા મારી છે–એમ અજ્ઞાનીને સર્વ અવસ્થામાં ભ્રમ વર્તે છે, ને જ્ઞાની તો તે સર્વ અવસ્થાથી પોતાના આત્માને ભિન્ન જાણે છે, જ્ઞાનાનંદ સ્વરૂપે જ તે પોતાના આત્માને દેખે છે, તેથી સર્વ અવસ્થામાં તે ભ્રાંતિરહિત જ છે. ઊંઘ વખતેય તે ભ્રાંતિરહિત છે. અને અજ્ઞાની જાગૃતદશામાંય ભ્રાંતિસહિત છે. દેહાદિની અવસ્થાને જે પોતાની માને છે તેને જ્ઞાનીઓ 'ગાંડા–ઉન્મત્ત' જાણે છે. અને જ્ઞાની લડાઈ વગેરેમાં હોય, સ્ત્રીના વિયોગથી મૂર્છિત થઈ જાય–ત્યાં અજ્ઞાનીને એમ લાગે છે કે આની દશા ભ્રમરૂપ છે;–પણ ના, તે મૂર્છાદિ વખતેય જ્ઞાની ચિદાનંદસ્વરૂપમાં ભ્રાંતિરહિત જાગૃત જ છે. જ્ઞાનીની અંતર્દશાને અજ્ઞાની ઓળખતો નથી. અંતરાત્મા અને બહિરાત્માની ઓળખાણ બાહ્યદ્રષ્ટિથી થતી નથી. કોઈ અજ્ઞાની રોગાદિ પ્રતિકૂળતા આવે છતાં ઉંકારો પણ ન કરે, ત્યાં બાહ્યદ્રષ્ટિને તો એમ લાગે કે આ મોટો જ્ઞાની છે !–પણ જ્ઞાની કહે છે કે તેની ચેષ્ટા ઉન્મત્ત જેવી છે. અને જ્ઞાનીને રોગાદિ પ્રસંગે કદાચ વેદનાની ભીંસ લાગે ત્યાં બાહ્યદ્રષ્ટિ જીવોને એમ લાગે છે કે આ અજ્ઞાની હશે ! પણ તે વેદનાની ભીંસ વખતે (–મોઢામાંથી ઉંકારા થતો હોય તે વખતેય) અંતરમાં જ્ઞાનસ્વભાવ ઉપર જ જ્ઞાનીની મીટ છે,–જ્ઞાનસ્વરૂપમાં તે નિર્ભ્રાંત છે; તે દશાને અજ્ઞાની ઓળખી શકતા નથી.

જુઓ, પં. બનારસીદાસજી જ્યારે છેલ્લી સ્થિતિમાં હતા, મરણની તૈયારી હતી ત્યારે ભાષા બંધ થઈ ગઈ હતી, પણ હજી પ્રાણ છૂટતા ન હતા, ત્યારે આસપાસ ઊભેલા લોકોને એમ લાગ્યું કે આનો જીવ ક્યાંક મમતામાં રોકાણો છે, તેથી દેહ છૂટતો નથી. પરંતુ પંડિતજી તો અન્તકાળ નજીક સમજીને પોતાની ભાવનામાં હતા. લોકોની મૂર્ખતા દેખીને

તેનું નિરાકરણ કરવા માટે તેમણે ઈશારાથી પાટી–પેન મંગાવ્યા અને તેમાં લખ્યું કે–

ज्ञानकुतक्का हाथ मारी अरि मोहना
प्रगट्यो रूप स्वरूप अनंत सु सोहना।
यह पर्ययका अन्त सत्यकर मानना,
चले बनारसीदास फेर नहीं आवना।

જુઓ, આ જ્ઞાનીની જાગૃતદશા! બાહ્યથી જોનારને એમ લાગે કે આ મુર્છાયેલા છે; પણ અંદર એમનું જ્ઞાન જાગૃત છે તેને અજ્ઞાની જાણતો નથી. ને અજ્ઞાની બહારથી મોટીમોટી વાતો કરતો હોય, રોગ વખતે ધીરજ રાખતો હોય, છતાં અંતરમાં ભિન્ન ચૈતન્યના વેદન વગર, રાગમાં જ જ્ઞાનને જોડીને મુર્છાયેલો છે.

આ રીતે જ્ઞાની અને અજ્ઞાનીની અંતર્દશાનો મોટો ફેર છે, બહારથી તેનું માપ નથી. ચિદાનંદ સ્વરૂપની દ્રષ્ટિમાં જ્ઞાની સદાય સર્વ પ્રસંગે નિઃશંક વર્તે છે; ને અજ્ઞાની મૂઢપ્રાણી બહિરાત્મદ્રષ્ટિથી શરીરાદિની અવસ્થાને પોતાની માનીને સદાય ભ્રમરૂપ જ વર્તે છે. અંતરમાં જે દ્રષ્ટિ પડી છે તે સર્વ અવસ્થામાં પોતાનું કાર્ય કર્યા જ કરે છે. ।। ૯૩।।

# સ્વાધીનપણે શોભે તે શેઠ

## ‘શેઠ’ કોણ છે?

સમ્યગ્દ્રષ્ટિ તે સાચા શેઠ (એટલે કે શ્રેષ્ઠ) છે; કેમકે શ્રેષ્ઠ એવા પોતાના આત્મસ્વરૂપને તે જાણે છે, ને અન્ય પાસેથી કાંઈ લેવા માંગતો નથી, માટે તે શેઠ છે. અન્ય પાસેથી મારે કાંઈ જોઈતું નથી, હું પોતે જ સર્વસાધનસમ્પન્ન છું–એવી સ્વાશ્રિતબુદ્ધિને લીધે તે શેઠપણે શોભે છે.

## ‘ભિખારી’ કોણ છે?

મિથ્યાદ્રષ્ટિ તે ભિખારી છે; કેમકે પોતાના શ્રેષ્ઠ એવા આત્મસ્વરૂપને તો તે જાણતો નથી ને અન્ય પાસેથી ભીખ માંગે છે–માટે તે ભિખારી છે. અન્ય મને સુખ આપશે–એવી પરાશ્રિતબુદ્ધિને લીધે તે ભિખારી છે, હીન છે, તે શોભતો નથી. શોભા તો સ્વાધીનપણામાં છે, પરાધીનપણામાં શોભા નથી.

# * સંતોની છાયામાં જ્ઞાન-વૈરાગ્યનું સીંચન *

ગતાંકમાં ૪૦ ને બદલે ૬૪ પાનાં આપવા છતાં સ્થળસંકોચને કારણે જે લેખો વગેરે બાકી રહી ગયેલ તેમાંથી આ વૈરાગ્યમય વચનામૃત અહીં આપીએ છીએ–જે જિજ્ઞાસુને આત્માર્થનો ઉલ્લાસ પ્રેરશે.

## શૂરવીર થા

સંસારનો કેડો છોડીને તું સિદ્ધનો કેડાયતી થા...સિદ્ધિપથનો પથિક થા. દીન ન થા...હતાશ ન થા...શૂરવીર થઈને ઉત્સાહથી આત્માને સાધ.

## સુખી મુનિવરા

આ સંસારમાં માત્ર તે મુનિઓ જ પરમ સુખી છે કે જેઓ સર્વ પ્રકારની ચિન્તાને છોડીને ધ્યાનવડે આત્મિક સુખને અનુભવી રહ્યા છે. જગતમાં તે મુનિરાજ ધન્ય છે કે જેઓ આત્માના અંતર–સરોવરમાંથી ધ્યાનરૂપી અંજલિ ભરીભરીને ઉત્તમ આનંદામૃતને સદા પીએ છે.

## આત્મિક સુખ

જો આ જગતની બાહ્ય વિભૂતિમાં કંઈ પણ સુખ હોત તો ભરતાદિ ચક્રવર્તીઓ તે વિભૂતિને છોડીને મુનિ કેમ થાત? સંસારના વૈભવમાં ક્યાંય સુખ નથી; સુખી તો આત્મધ્યાની મુનિવરો છે,–કે જેમને પોતાના આત્મિકસુખ માટે બહારની કોઈ વિષયસામગ્રીની અપેક્ષા નથી.

## ધર્માત્માનું અનુકરણ

દેહથી ભિન્ન આત્મા છે; તે આત્માને મરણ જ નથી પછી મૃત્યુનો ભય કેવો? આત્માને શરીર નથી પછી રોગ કેવો? આત્માને રોગ નથી પછી વેદના કેવી? હે બંધુ! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને તું પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યૂત થઈશ નહીં, આત્મિક ભાવનાથી જરાપણ ડગીશ નહીં...દ્રઢચિત્ત થઈને આરાધનાને ઉગ્ર કરજે. પાંડવ–મુનિરાજ, સુકુમાર વગેરે ધીરવીર ધર્માત્માઓનું ઉત્તમ ચરિત્ર યાદ કરીને તેમનું અનુકરણ કરજે.

## -તૈયાર થા

રે જીવ! ભવની મૂર્તિ એવા શરીરને આત્મભાવનાપૂર્વક છોડ તો ભવનો અભાવ થવાનું તને નક્કી થઈ જશે. અનંતા જીવો શરીર છોડીને સિદ્ધપદને પામ્યા છે...એવા સિદ્ધપદને સાધવા માટે હવે તું તૈયાર થા...તૈયાર થા.

## આટલું કર

* આત્માને સાધવા દુનિયાને ભૂલ.
* સિદ્ધપદને સાધવા સંસારની ઉપેક્ષા કર.
* દુઃખની વેદનાથી છૂટવા ચૈતન્યનું વેદન કર.
* મરણથી છૂટવા તારા જીવત્વને જાણ.
* તારું સ્વસંવેદન એ જ તારું શરણ છે, માટે સ્વસંવેદન કર.

## જીવનની સફળતા

અરે, જગતના જીવો પોતાના ચૈતન્યસુખને ભૂલીને વિષય–કષાયમાં સુખ માની રહ્યા છે; પરંતુ પોતાનું જે ચૈતન્યસુખ છે તેની સંભાળ કરવાનો અવકાશ લેતા નથી; તેમનું તો જીવન વિષયોમાં વેડફાઈ જશે ને નકામું ચાલ્યું જશે. વિષયોથી વિરક્ત થઈને આત્મિક સુખના અભ્યાસમાં જે જીવન વીતે છે તે જીવન સફળ છે.

## અરિહંતોની આરાધના

સર્વજ્ઞને ઓળખવા માટે આત્મસ્વભાવની સન્મુખ થવું પડે છે. સર્વજ્ઞને કેમ ઓળખવા તેની પણ અજ્ઞાનીને ખબર નથી. ભાઈ, સર્વજ્ઞ એટલે તારો જ્ઞાનસ્વભાવ, સર્વજ્ઞને તે વ્યક્તરૂપ છે, તારામાં તે શક્તિરૂપ છે; તે શક્તિની સન્મુખતા વડે સર્વજ્ઞતા વ્યક્ત થશે. માટે તારી શક્તિની સન્મુખ થઈને તેની પ્રતીત કર તો તને સર્વજ્ઞની ખરી પ્રતીત થાય, તેનો ખરો મહિમા જાગે; ને એ જ અરિહંતોની આરાધના છે.

## બ્રહ્મજીવન

આત્મામાં જ સાચું સુખ છે–એમ સમજીને આત્માના અતીન્દ્રિય સુખની જેને અભિલાષા જાગી છે અને બાહ્ય વિષયોમાં ક્યાંય સુખ નથી એમ સમજીને સર્વ વિષયો જેને વિરસ લાગ્યા છે;–મારા અસંગ ચૈતન્યતત્ત્વને કોઈ પરદ્રવ્યનો સંગ નથી, પરના સંગથી મારામાં સુખ નથી પણ પરના સંગ વગર મારા સ્વભાવથી જ મારું સુખ છે– એમ જે જીવે પોતાના અતીન્દ્રિય સુખસ્વભાવની રુચિ ને લક્ષ કર્યું છે અને ચૈતન્યના રંગથી સર્વે ઇન્દ્રિયવિષયનો રંગ ઊડી ગયો છે–એવા જીવને ખરું બ્રહ્મજીવન ખરું આત્મજીવન પ્રગટે છે. આવા આત્મલક્ષી બ્રહ્મજીવન વડે સર્વે ગુણોની ખીલવટ થાય છે.

## સ્વભાવના આંગણે-

જેણે અરિહંત જેવા પોતાના આત્માને મન વડે જાણી લીધો તે જીવ સ્વભાવના આંગણે આવ્યો છે. પરંતુ આંગણે આવ્યા પછી હવે સ્વભાવનો અનુભવ કરવામાં અનંત અપૂર્વ પુરુષાર્થ છે. આ ચૈતન્યભગવાનના આંગણે આવ્યા પછી–એટલે કે મન વડે આત્મસ્વભાવને લક્ષમાં લીધા પછી ચૈતન્યસ્વભાવની અંદર ઢળીને અનુભવ કરવા માટે અનંત પુરુષાર્થ કરે તે જ ચૈતન્યમાં ઢળીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.( બ્રહ્મચર્ય અંક ૧ માંથી )

## બાલકપણમાં ધર્મસેવન

શાંતિનાથ ભગવાન પૂર્વે પંચમભવે જ્યારે વજ્રયુધચક્રવર્તી હતા, ત્યારે કનકશાંતિ નામનો તેમનો પૌત્ર વૈરાગ્ય થતાં વિચારે છે કે–

ચતુરપુરુષોએ બાળકપણથી જ ધર્મનું સેવન કરવું જોઈએ, કેમકે યમરાજ ક્યારે તેડવા આવશે–તે કહી શકાતું નથી. ( શાંતિનાથ પુરાણ )

## ક્ષમારૂપી મજબુત ઢાલ

દુષ્ટ જીવો દ્વારા ગમે તેટલો ઉપદ્રવ થાય પરંતુ, જેને કદી ક્રોધ જ ઉત્પન્ન થતો નથી એવા ક્ષમાવંત ધર્માત્માઓનું તે દુષ્ટ જીવો કાંઈ પણ બગાડી શકતા નથી. ક્ષમારૂપી ઉત્તમ ઢાલની સામે ગમે તેવા ઉપદ્રવનો પ્રહાર વ્યર્થ જાય છે. માટે આત્માની શુદ્ધતાની સિદ્ધિ અર્થે સદા ઉત્તમ ક્ષમા ધારણ કરવી અને દુષ્ટ–શત્રુ ઉપર પણ કદી ક્રોધ ન કરવો, –તે ઉત્તમ પુરુષોનું કર્તવ્ય છે.

## અંધ

જાણનાર તત્ત્વને જે નથી જાણતો તે અંધ છે.

## આ તરફ આવો

ચૈતન્યતત્ત્વને અનુભવવામાં જે જાગૃત નથી ને રાગના જ અનુભવમાં લીન થઈને સૂતા છે–ઊંઘે છે, એવા અંધ પ્રાણીઓને જગાડીને આચાર્યદેવ કહે છે કે અરે જીવો! તમે જાગો...ને તમારા ચૈતન્યમય તત્ત્વને રાગથી અત્યંત ભિન્ન દેખો રાગમાં તમારું નિજપદ નથી, તમારું નિજપદ ચૈતન્યમાં જ છે, તેને તમે દેખો...દેખો. રાગ તરફ અનાદિથી દોડી રહ્યા છો, ત્યાંથી પાછા વળો...પાછા વળો, ને આ અંતરના ચૈતન્યપદ તરફ આવો...આ તરફ આવો. તમારા આ શુદ્ધ ચૈતન્યપદને દેખીને આનંદિત થાઓ.

## સુખી સન્ત

રાગી–દ્વેષી જીવોને સુખ કેવું? સુખ તો વીતરાગી સન્તોને છે. આત્માથી જ ઉત્પન્ન થયેલા સત્ય સુખને અજ્ઞાની જીવો ઓળખી શકતા નથી, એટલે બાહ્ય પદાર્થોમાંથી સુખ લેવા માંગે છે.

## બ્રહ્મ-ઔષધિ

ભોગોપભોગની સામગ્રીથી જીવને કાંઈ લાભ નથી; એ તો ઊલટા તૃષ્ણા વધારનાર છે. કામજ્વરનો નાશ બ્રહ્મરૂપી ઉત્તમ ઔષધિના સેવન વડે જ થાય છે, વિષયભોગો વડે નહિ. માટે સૂજ્ઞ મનુષ્યોએ બ્રહ્મપદ–સિદ્ધપદ પ્રાપ્ત કરવા માટે બ્રહ્મનું સેવન કરવું જોઈએ.

## અંતર્મુખી માર્ગ

બહિર્મુખ કોઈ ભાવ વડે આત્મા પમાતો નથી. અંતર્મુખ શોધવડે જ આત્મા પમાય છે. સમ્યક્ત્વાદિનો માર્ગ અંતર્મુખ છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–'તો પામે સમકિત તે...વર્તે અંતર્શોધ.' સદગુરુનો ઉપદેશ પામીને જે જિજ્ઞાસુ જીવ અંતર્શોધમાં વર્તે છે તે જીવ સમકિત પામે છે. સદ્ગુરુએ ઉપદેશમાં પણ શુદ્ધઆત્મા બતાવીને તેમાં અંતર્મુખ થવાનું જ કહ્યું હતું. તે ઉપદેશ–અનુસાર જે શિષ્ય અંતર્મુખ થયો તે સમ્યગ્દર્શન પામ્યો. અંતર્મુખ થયા વિના બીજા કોઈ ઉપાયે જીવ સમ્યગ્દર્શન પામતો નથી. બહિર્મુખવૃત્તિ તે સંસાર છે, ને મોક્ષમાર્ગ અંતર્મુખવૃત્તિમાં છે. અંતર્મુખવૃત્તિ તે જ કરી શકે કે જેણે ગુરુઉપદેશઅનુસાર આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય પોતાના જ્ઞાનમાં કર્યો હોય.

## બે મિત્ર

આત્માને નિજસ્વરૂપની આરાધનામાં બે મિત્ર છેઃ એક વૈરાગ્ય અને બીજું તત્ત્વજ્ઞાન.–આ બંને એકબીજાના પોષક છે. સ્વરૂપને સાધનાર જીવને આ બે મિત્ર પરમ સહાયક છે. તેમના વડે ધ્યાન અને વીતરાગી સમાધિ પમાય છે.

* સમ્યગ્દર્શન થતાં આનંદનો અનુભવ થયો, ત્યાં નિઃશંકપણે ધર્મી જાણે છે કે આવો આખોય આનંદ તે હું છું. જ્યાં પોતાનો આનંદ પોતામાં દેખ્યો, એનો સ્વાદ ચાખ્યો ત્યાં પરમાં ક્યાંય સુખબુદ્ધિ જ્ઞાનીને રહેતી નથી.

* સ્વભાવ સમજવાના ઉદ્યમમાં તને થાક લાગે છે ને પરભાવમાં તને થાક નથી લાગતો,–પણ અરે ભાઈ! સ્વભાવને સાધવો એમાં થાક શા? એમાં થાક ન હોય, એમાં તો પરમ ઉત્સાહ હોય...એ તો અનાદિના થાક ઉતારવાના રસ્તા છે. મુમુક્ષુને તો પરભાવમાં થાક લાગે ને સ્વભાવ સાધવામાં પરમ ઉત્સાહ જાગે.

* અહા, કેવો સ્વતંત્ર અને સુંદર આત્મસ્વભાવ છે! બસ, આવા સ્વભાવથી આત્મા શોભે છે, તેમાં વચ્ચે રાગ કે વિકલ્પ ક્યાં રહ્યો? આત્માના વૈભવમાં વિભાવ નથી. આવા સ્વભાવવાળો જ્ઞાનમાત્ર આત્મા તે ખરો આત્મા છે. આવા આત્માને શ્રદ્ધે–જાણે–અનુભવે તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, ને તે મોક્ષમાર્ગ છે.

## અડોલ મેરુ પર્વત

શુદ્ધતાના મેરૂપર્વત જેવો જે આ ચૈતન્યસ્વભાવ, તેમાં વચ્ચે ક્યાંય વિકાર ભર્યો નથી. અસંખ્યપ્રદેશી આત્મા અચલમેરુ છે, ગમે તેવી પ્રતિકૂળતામાં પણ નિજસ્વરૂપથી તે ડગે નહિ, તેના ગુણની એક કાંકરી ચલે નહીં, કે એક પ્રદેશ પણ હણાય નહીં. જેમ મેરૂપર્વત એવો સ્થિર છે કે ગમે તેવા પવનથી પણ તે હલે નહીં, તેમ ચૈતન્યમેરુ આત્મા નિજસ્વભાવમાં એવો અડોલ છે કે પ્રતિકૂળતાના પવનથી તે ઘેરાય નહીં, તેના કોઈ ગુણ કે ગુણની પરિણતિ હણાય નહીં. આવા સ્વભાવના શ્રદ્ધાજ્ઞાન કરનાર ધર્માત્મા પ્રતિકૂળ સંયોગના ઘેરા વચ્ચે પણ સ્વભાવના શ્રદ્ધા–જ્ઞાનથી ડગતા નથી. તે નિઃશંક જાણે છે કે હું તો જ્ઞાન છું.

* રે જીવ! આ જરાક દુઃખ પણ તારાથી સહન નથી થતું, તો આના કરતાં મહાન દુઃખો જેનાથી ભોગવવા પડે એવા અજ્ઞાનમય ઊંધા ભાવોને તું કેમ સેવી રહ્યો છે?

જો તને દુઃખનો ખરો ભય હોય તો તે દુઃખના કારણરૂપ એવા મિથ્યાત્વાદિ ઊંધા ભાવોને તું શીઘ્ર છોડ...ને આનંદધામ એવા નિજસ્વરૂપમાં આવ. જ્ઞાની સંતો પાસે આવ...તે તને તારું આનંદધામ દેખાડશે.

# આત્મઅનુભવની ભૂમિકા અને પર્યુષણ

[ સમયસાર-કલશ ૫ ઉપરના પ્રવચનમાંથીઃ ભાદ્ર સુદ ૩-૪ ]

– ∗ –

ચૈતન્યવસ્તુ આત્માને ગુણ–ગુણીભેદ પાડીને ઓળખાવવી તે વ્યવહાર છે. આત્મવસ્તુનો અનુભવ કરવાના ઉદ્યમી જીવને પુદ્ગલાદિથી ભિન્ન આત્માનું સ્વરૂપ લક્ષમાં લેવા જતાં ગુણ–ગુણીભેદનો વિચાર આવે છે કે આત્મા દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ છે. આટલો ભેદ તે વ્યવહાર છે. ને અભેદ નિર્વિકલ્પ આત્માનું વેદન તે નિશ્ચય છે. આત્માને અનુભવનારું જ્ઞાન નિર્વિકલ્પ છે. અહીં એટલું વિશેષ સમજવું કે જિજ્ઞાસુને ગુણ–ગુણીભેદના વિચારરૂપ જે વ્યવહાર છે તે, તે વિકલ્પમાં અટકવા માટે નથી પણ અભેદવસ્તુ તરફ જવા માટે છે. ‘જ્ઞાન તે આત્મા’ એમ કહીને અભેદ આત્મા તરફ લઈ જવો છે, કાંઈ ભેદમાં રોકાવાનું પ્રયોજન નથી...

આત્મા કેવો છે?

કે જે દર્શન–જ્ઞાન–ચારિત્રગુણનો ધારક છે તે જીવ છે. જુઓ, આ સમ્યગ્દર્શન માટેનો વ્યવહાર. બહારમાં બીજો કોઈ વ્યવહાર ન લીધો પણ અંતરમાં ગુણ–ગુણીભેદનો વિચાર છે તેટલો વ્યવહાર છે, ને તે વ્યવહાર વચ્ચે આવ્યા વગર રહેતો નથી; છતાં તેમાં અભેદસ્વભાવ તરફ જવાનું લક્ષ ભેગું છે, તેના જોરે આગળ વધીને સમ્યગ્દર્શન પામે છે; કાંઈ ભેદનો વિકલ્પ તે સમ્યક્ત્વનું સાધન થતું નથી. ભેદના કથન કે વિકલ્પ વખતે પણ, સમજનારનો કે સમજાવનારનો આશય તો અભેદસ્વરૂપને જ લક્ષગત કરવાનો છે. એવું લક્ષ ન કરે ને એકલા વિકલ્પને જ પરમાર્થસાધન માની લ્યે તેને તો ભેદનો વિચાર ખરેખર વ્યવહાર પણ નથી કહેવાતો. અભેદવસ્તુનો આશય લક્ષમાં હોય, તેના તરફ જ્ઞાનનું વલણ હોય તો જ વચ્ચેના ભેદવિચારને વ્યવહાર ગણવામાં આવે છે.

આનંદકંદ ચૈતન્યવસ્તુના સાક્ષાત્ અનુભવમાં તો કાંઈ વિકલ્પ નથી; વસ્તુનો અનુભવ નિર્વિકલ્પ છે. છતાં ભેદ કેમ ઉપજાવો છો? તો કહે છે કે ગમે તેવા બુદ્ધિમાનને પણ અભેદવસ્તુના નિર્વિકલ્પ અનુભવ પહેલાં ગુણગુણીભેદનો વિચાર ઉપજ્યા વગર રહેતો નથી. જુઓ, આવો પ્રશ્ન જેને ઉદ્ભવ્યો તે જિજ્ઞાસુ શિષ્ય નિશ્ચયના એટલા લક્ષવાળો છે કે અભેદવસ્તુના અનુભવમાં ભેદ હોય નહિ. ભેદના વિકલ્પને જ સાધન માનીને અટકે તે

જીવ તે ભેદ–વિકલ્પથી આગળ કેમ જાય? તે ભેદને ઓળંગીને અભેદઅનુભવમાં કઈ રીતે આવશે? અભેદના લક્ષવાળો જીવ ભેદવિકલ્પને ઓળંગીને નિર્વિકલ્પ વસ્તુનો અનુભવ કરશે.

જેને આત્માના સ્વભાવમાં અંદર જવું હોય, સમ્યગ્દર્શન કરવું હોય ને આનંદનો અનુભવ કરવો હોય, તેવા જીવની ભૂમિકામાં શું થાય છે તેની આ વાત છે. તે ભૂમિકામાં અભેદનું લક્ષ થવાનો આ એક પ્રકાર છે કે 'જ્ઞાનસ્વરૂપ આત્મા છું' એવા પ્રકારે ગુણભેદના વિચાર આવે છે. આચાર્યદેવ કહે છે કે ખેદ છે કે વચ્ચે આટલો વ્યવહાર આવી જાય છે, નહિતર તો સીધો અભેદ આનંદનો જ અનુભવ કરીએ. વિકલ્પ વખતેય જેના જ્ઞાનમાં આવું અભેદનું લક્ષ છે તે અભેદ આત્મા તરફના ઝુકાવના બળે વિકલ્પને તોડીને સાક્ષાત્ અનુભવ કરશે.

અનુભવ પહેલાં અંદર એમ ખ્યાલમાં આવે કે આ આત્મા જ્ઞાન–દર્શન–ચારિત્રસ્વરૂપ છે. –સવિકલ્પદશામાં આટલો વ્યવહાર છે. ને સમ્યગ્દર્શન થયા પછી પણ ગુણ–ગુણી ભેદ સંબંધી વિચાર ઊઠે તે વ્યવહાર છે. 'જીવનું લક્ષણ ચેતના' એમ વિચાર કરતાં પુદ્ગલાદિ પરદ્રવ્યોથી ભિન્નપણે આત્મા લક્ષગત થાય છે. સાક્ષાત્ અનુભવ થવા પહેલાંની દશામાં આવા વિચાર હોય છે. આટલા લક્ષ વગર સીધો આત્માનો અનુભવ થઈ જાય એમ બનતું નથી. આવા લક્ષસહિતની ભેદભૂમિકાને વ્યવહાર કહ્યો છે. તે વ્યવહારના વિકલ્પને તોડીને એકલા ચૈતન્યસ્વભાવમાં લક્ષને જોડતાં અભેદ અનુભવ થશે, અને ત્યારે સમ્યગ્દર્શન થશે. પછી પણ આવા અનુભવમાં લીનતાદ્વારા જ વિકલ્પ તૂટીને વીતરાગતા થશે. આવો સ્વાનુભવ તે જ મોક્ષમાર્ગ છે.

પહેલાં તો 'ગુણધામ' નું રટણ કરીને તેનું લક્ષ કરું, તેનો પક્ષ કરું, ને પછી રુચિની પુષ્ટિ વડે સાક્ષાત્ અનુભવ કરીશ.–આ અનુભવનો મહાન અવસર આવ્યો છે.

ભાઈ, તારે કરવું છે શું?

–કે આત્માનો અનુભવ.

તો તે અનુભવ કેમ થાય તેની આ રીત સન્તો તને બતાવે છે. ગુણગુણીભેદનો વિકલ્પ વચ્ચે આવશે પણ તે વિકલ્પ વખતે અભેદને લક્ષમાં રાખજે, જ્ઞાનનું વલણ અભેદ તરફ રાખજે, વિકલ્પ તરફ વલણ ન રાખીશ. જો અભેદસ્વભાવમાં જવાતું હોય તો ભેદના વિકલ્પ તરફ ઝાંખીને પણ ન જોઈશ. આમ અભેદના લક્ષ સહિત વચ્ચે અનુભવ પહેલાં જે ભેદવિચાર આવ્યો તે વ્યવહાર છે. અંતરમાં નજીકમાં નજીકનો આટલો વ્યવહાર છે,

-કે જે આવ્યા વગર રહેતો નથી; **અને છતાં સાધકનું લક્ષ તે વ્યવહાર ઉપર નથી, તેનું લક્ષ-તેનું જોર-તેનો આદર-તેનો ઉત્સાહ-તેની પરિણતિનો ઝુકાવ તો અભેદ આત્મવસ્તુના અનુભવ તરફ જ છે...અને એના જોરે જ તે સાક્ષાત્ અનુભવ કરીને સમ્યગ્દર્શનાદિ પામે છે.**

હજી સાક્ષાત્ આત્મઅનુભવ થવા પહેલાં તેની ભૂમિકારૂપે અંતરના વિચારથી આત્મસ્વભાવ જેવો છે તેવો ખ્યાલમાં લીધો, જ્ઞાનના નિર્ણયમાં લીધો, તે વ્યવહારભૂમિકા છે; તે ભૂમિકામાં હજી વિકલ્પ છે. પણ અંતરમાં જે સ્વભાવનો નિર્ણય કર્યો છે તે સ્વભાવમાં જ્ઞાનનું વલણ છે, તે વલણના બળે શ્રુતજ્ઞાન જ્યારે અંતરમાં વળીને આત્મસ્વભાવને અનુભવે છે ત્યારે નિર્વિકલ્પદશા થાય છે, ને આ નિર્વિકલ્પદશામાં વિકલ્પ જુઠો થઈ જાય છે–એટલે કે તેનો અભાવ થઈ જાય છે. જ્ઞાનના બળથી જે નિર્ણય કર્યો હતો તેનું આ ફળ છે; પણ પહેલાં જે વિકલ્પ હતો તેનું કાંઈ આ ફળ નથી. વિકલ્પ વખતે પણ તે હેયપણે હતો, ને જ્ઞાનનું બળ તેનાથી જુદું કામ કરતું હતું. આવા જ્ઞાનના અભ્યાસથી ભાવશ્રુતમાં આત્મા આનંદસ્વરૂપે પ્રત્યક્ષ થાય છે, પ્રત્યક્ષ–સ્પષ્ટ સ્વસંવેદનમાં આવે છે, કોઈના અવલંબન વગર અતીન્દ્રિયપણે આત્મા પોતે પોતાને અનુભવાય છે. આવો આત્મઅનુભવ કરવો તે વીતરાગી ક્ષમાદિક દશધર્મોની આરાધનાનું મૂળ છે; ને આવી આત્મઆરાધનાનું નામ જ 'પર્યુષણ' છે.

આત્માનો જે પૂર્ણ આનંદરૂપ સ્વભાવ છે, તેની પૂર્ણ પ્રાપ્તિરૂપ મોક્ષનો ઉપાય ચારિત્ર છે. શાંત–જ્ઞાનાનંદ સ્વરૂપમાં એકાગ્ર થઈને રમણ કરવું તે ચારિત્ર છે, તે ચારિત્રમાં વીતરાગી ક્ષમાદિ ધર્મ સમાય છે. દશલક્ષણી ધર્મોમાં પહેલો ઉત્તમક્ષમાધર્મ છે. આવી ઉત્તમ ક્ષમા અનંતકાળના પરિભ્રમણથી બચાવનાર છે. આવી ક્ષમાવડે આત્માના શુદ્ધ જ્ઞાન ને આનંદની પ્રાપ્તિ થાય છે. ક્ષમા તે આનંદની દાતાર છે. આત્માના શુદ્ધઆનંદગુણની લીનતા એવી થાય કે પ્રતિકૂળ પ્રસંગમાંય ક્રોધની ઉત્પત્તિ ન થાય,– આવી ઉત્તમક્ષમા તે પૂર્ણ આનંદરૂપ મોક્ષનું સાધન છે. ક્રોધ વડે આત્માના આનંદનો ઘાત થાય છે, માટે તે દુઃખદાયક છે. સર્વજ્ઞપરમાત્માએ આત્માનો જે જ્ઞાન–આનંદસ્વભાવ જોયો છે–તેવા સ્વભાવને શ્રદ્ધા–જ્ઞાનમાં લઈને તેની ઉપાસના કરવી–તે ધર્મ છે, તે ઉત્તમક્ષમા છે. તેનો આજે ( ભાદ્ર સુદ પાંચમ ) દિવસ છે. પર્યુષણ એટલે આત્માને ધર્મની આરાધનામાં જોડવો તે પર્યુષણ છે.

* * *

દસલક્ષણધર્મસંબંધી ઉત્તમક્ષમા ધર્મનું વિવેચન થયું. ત્યારબાદ શ્રી શાંતિપ્રસાદ શાહુજી આવ્યા ને પ્રવચનના પ્રારંભમાં ગુરુદેવે કહ્યું કે–

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત...રે ગુણવંતા જ્ઞાની

અમૃત વરસ્યા છે પંચમકાળમાં........
અમૃત વરસ્યા છે તારા આત્મમાં........

–આમ અમૃતની વર્ષાપૂર્વક પાંચમો કળશ શરૂ કરતાં કહ્યું કે ચૈતન્યસ્વરૂપ આત્માને જે નિર્વિકલ્પપણે અનુભવે છે તેને વિકલ્પરૂપ સમસ્ત વ્યવહાર જાુઠો છે–અભૂતાર્થ છે. અજ્ઞાનીને અનાદિથી આત્માનો અનુભવ નથી, તે જ્યારે આત્માનો અનુભવ કરવાની સન્મુખ થાય છે ત્યારે ‘હું ચેતનસ્વરૂપ છું’ ઇત્યાદિ વિચારરૂપ વ્યવહાર આવે છે, ગુણ–ગુણીભેદનો એટલો વિકલ્પ આવ્યા વગર રહેતો નથી. પણ પછી જ્યારે સ્વભાવ તરફ ઝુકીને સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે તેને કોઈ વિકલ્પ રહેતો નથી–વ્યવહારનું અવલંબન રહેતું નથી. ભૂતાર્થસ્વભાવનો અનુભવ ગુણભેદના વિકલ્પ વડે થઈ શકે નહીં. ચેતનસ્વભાવનો નિર્ણય અને લક્ષ કરવા ટાણે પહેલાં સાથે વિકલ્પ હોય છે, પણ તે વિકલ્પ કાંઈ અનુભવનું સાધન નથી; તે વિકલ્પના બળથી કાંઈ વસ્તુસ્વભાવ લક્ષમાં આવતો નથી, જ્યારે અંતર–અવલોકન વડે ચૈતન્યચમત્કાર આત્માને લક્ષગત કરીને અનુભવે છે ત્યારે ગુણભેદનો વિકલ્પ પણ છૂટી જાય છે. માટે અનુભવમાં તે ભેદ–વ્યવહારને જુઠો એટલે કે અભૂતાર્થ કહ્યો છે.–આવા આત્મ અનુભવની અત્યંત પ્રયોજનરૂપ આ વાત છે.

સર્વજ્ઞપરમાત્મા સીમંધરભગવાન અત્યારે વિદેહમાં બિરાજે છે. ભગવાનના શ્રીમુખે જે વાત આવી તે કુંદકુંદાચાર્યદેવે આ સમયસારમાં ઝીલી છે. નિર્વિકલ્પ આત્મઅનુભવમાં શુદ્ધ નિશ્ચય આત્માનું જ અવલંબન છે, રાગાદિ પરભાવો બહાર રહી જાય છે. વિકલ્પનો–ભેદનો–વ્યવહારનો આશ્રય કરીને અટકે તેને સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન થવાના કાળે અભેદ આત્માની જ અનુભૂતિ હોય છે. તે અનુભૂતિમાં વિકલ્પનો અભાવ છે. આવો અનુભવ તિર્યંચ–સમ્યગ્દ્રષ્ટિને પણ થાય છે. અસંખ્યાતા તિર્યંચો નિર્વિકલ્પ આત્મઅનુભૂતિને પામેલા અત્યારે મધ્યલોકમાં (સ્વયંભૂરમણ સમુદ્રમાં) વિદ્યમાન છે. રાવણનો મોટો હાથી (ત્રિલોકમંડન) પણ આવા અનુભવને પામ્યો હતો. હાથીનો જીવ ને ભરતનો જીવ બંને પૂર્વે મિત્ર હતા. તે હાથીને પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થયું હતું; ને તેથી તે સંસારથી એકદમ વિરક્ત થઈને આત્મજ્ઞાન પામ્યો. આઠ વર્ષના બાળક પણ સમ્યગ્દર્શન પામે છે ને અંતરમાં આવી આત્મઅનુભૂતિ કરે છે. ને આવી અનુભૂતિ કરવી તે ધર્મ છે.

# શ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રભંડારનું ઉદ્‌ઘાટન

卐

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢના આદ્ય–પ્રમુખ તેમજ આ આત્મધર્મના આદ્ય–સંપાદક માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી કે જેમણે લગભગ પચીસ વર્ષ સુધી સંસ્થાના પ્રમુખપણે રહીને સંસ્થાની ઉન્નતિમાં ને સાહિત્યપ્રચારમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે ને હજી પણ આપી રહ્યા છે, તેમના સન્માનનિમિત્તે બે વર્ષ પહેલાં એક લાખ રૂા. નું ફંડ થયું હતું, તે ફંડમાંથી અંદાજ ૪૦, ૦૦૦ (ચાલીશ હજાર) રૂા. ના ખર્ચે સોનગઢમાં સ્વાધ્યાય મંદિરની બાજુમાં ‘શ્રી કુંદકુંદ–કહાન જૈન શાસ્ત્રભંડાર’ માટેનો જે સુંદર હોલ બાંધવામાં આવેલ છે, તેનું ઉદ્‌ઘાટન આ ભાદરવા સુદ ચોથે થયું. આ ઉદ્‌ઘાટન માટેના નિમંત્રણનો સ્વીકાર કરીને દિલ્હીથી જૈન સમાજના પ્રસિદ્ધ નેતા શ્રીમાન્‌ શાંતિપ્રસાદજી શાહુ સોનગઢ આવ્યા હતા. શ્રીમાન્‌ શાહુજી પૂ. ગુરુદેવના પરિચયમાં જોકે આ ચોથીવાર આવ્યા, પરંતુ સોનગઢ તો તેઓ પહેલી જ વાર આવ્યા; સોનગઢમાં ભવ્ય જિનમંદિર, સુંદર સમવસરણ, ઉન્નત ને ઉજ્જવળ માનસ્તંભ, અધ્યાત્મના ગુંજારવ કરતો પ્રવચન મંડપ, શીતલછાયા પ્રસરાવતું સ્વાધ્યાય મંદિર, અને શીતલછાયા પ્રસરાવતો બ્રહ્મચર્યઆશ્રમ વગેરે જોઈને, તેમજ શાસનપ્રભાવી ગુરુદેવના દર્શન–પ્રવચનથી તેઓ પ્રસન્ન થયા હતા. સાથે સાથે ઉદ્‌ઘાટન પ્રસંગે ગામેગામના મુમુક્ષુઓનો મેળો જોઈને તેઓ આનંદિત થયા હતા. (અગાઉ ભાદ્ર સુદ એકમે ઉદ્‌ઘાટન થવાનું જાહેર થયેલ, તે પ્રસંગે ઇંદોરના શેઠશ્રી રાજકુમારસિંહજીએ આવવાની સ્વીકૃતિ આપેલ; પરંતુ દસલક્ષણના દિવસોમાં તેઓ ઈંદોરમાં જ રહેતા હોવાથી આ ભાદ્ર સુદ ૪ ના દિવસે ઉદ્‌ઘાટન પ્રસંગે તેઓ આવી શક્યા ન હતા.)

ભાદરવા સુદ ચોથે પર્યુષણપર્વનો પ્રારંભ થતો હોવાથી સવારમાં જિનમંદિરમાં દસલક્ષણપર્વસંબંધી સમૂહપૂજન થયું. ચારેકોર ઉમંગભર્યા ઉત્સવનું વાતાવરણ હતું. પછી પ્રવચનસભામાં ૮ાા વાગે ગુરુદેવે ઉત્તમક્ષમા સંબંધી પ્રવચન કર્યું. પોણા નવ વાગતાં દિલ્હીથી શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુ સોનગઢ પહોંચી ગયા ને જિનેન્દ્રભગવાનના દર્શન કરીને તરત પ્રવચનમાં આવ્યા. ગુરુદેવના દર્શનથી પ્રસન્નતા વ્યક્ત

કરી ને ૮।।। થી ૯। સુધી પ્રવચન સાંભળ્યું; તેમાં અનુભવ પહેલાંની દશાનું તથા અનુભવદશા વખતનું સુંદર વિવેચન ગુરુદેવે સમજાવ્યું.

પ્રવચન પછી તરત ઉદ્ઘાટન–સમારંભ સંબંધી કાર્યવાહી શરૂ થઈ. પ્રથમ બહારગામના શુભેચ્છાસન્દેશનું વાંચન થયું. ત્યારબાદ વિદ્વાન ભાઈશ્રી હિંમતલાલ જે. શાહે પ્રાસંગિક પ્રવચન કર્યું: પ્રથમ તેમણે ગુરુદેવનો ઉપકાર પ્રસિદ્ધ કર્યો, અને ગુરુદેવની છત્રછાયામાં સંસ્થાના વિકાસનો ટૂંક ઇતિહાસ બતાવીને કહ્યું કે ત્રીસેક વર્ષ પહેલાં જ્યારે આ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સંસ્થાની સ્થાપના થઈ ત્યારે કોઈને ખ્યાલ ન હતો કે આગળ જતાં આ સંસ્થાનો પ્રભાવ ભારતવ્યાપી બની જશે. સંસ્થાની શરૂઆતથી આજ સુધી મુરબ્બી શ્રી રામજીભાઈએ જે સેવાઓ કરી છે, વહીવટીક્ષેત્રમાં તેમની કુશળતા દ્વારા સંસ્થાનો જે વિકાસ થયો છે, 'આત્મધર્મ' ના સફળ સંપાદન દ્વારા તેમજ સાહિત્ય–પ્રકાશન દ્વારા પ્રચારમાં તેમણે જે મહત્ત્વનો ફાળો આપ્યો છે–તે બધા માટે મુ. શ્રી રામજીભાઈનો આભાર માનીને તેમને અભિનંદન આપ્યા હતા. મુ. શ્રી રામજીભાઈની સેવાઓ નિમિત્તે તેમના સન્માનનિધિમાંથી આ સરસ્વતી ભવન બન્યું છે, ને આજે જૈન સમાજના પ્રસિદ્ધ આગેવાન શ્રી શાહુજીના હસ્તે તેના ઉદ્ઘાટનનો આ પ્રસંગ બની રહ્યો છે. હિંમતભાઈ પછી મુરબ્બી ભાઈશ્રી ખીમચંદભાઈએ પણ વિદ્વત્તાપૂર્ણ ટૂંકા ભાષણ દ્વારા મુ. શ્રી રામજીભાઈ પ્રત્યે અંજલિપૂર્વક કહ્યું કે આજે તેઓ ૮૪ વર્ષ પૂરા કરે છે, તેમ ૮૪ ના ફેરાથી પણ છૂટીને તેઓ શાશ્વતપદને શીઘ્ર પામે એમ ભાવના ભાવીએ છીએ. ત્યારપછી ભાઈશ્રી બાબુભાઈએ પણ પોતાની ઉત્સાહભરી શૈલિથી ગુરુદેવનો મહિમા પ્રગટ કરીને, મુ. શ્રી રામજીભાઈનો પણ ઉપકાર માન્યો હતો. છેવટે માનનીય પ્રમુખશ્રી નવનીતભાઈ સી. ઝવેરીએ સંસ્થા અને સમાજની વતી મુ. શ્રી રામજીભાઈનો ઉપકાર માનીને અંજલિ અર્પણ કરી હતી, ને શાહુજીને સરસ્વતી ભવનનું ઉદ્ઘાટન કરવા માટે વિનંતિ કરી હતી. ઉદ્ઘાટન પહેલાં ભાષણ દ્વારા શ્રીમાન્ શાંતિપ્રસાદજી શાહુએ ગુરુદેવ પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું હતું કે–આજ મૈં અપનેકો ધન્ય સમઝતા હૂં કિ મુઝે સોનગઢ આકર કે પૂ. ગુરુદેવકા ઉપદેશ સુનનેકા અવસર મિલા. **ભગવાન કુંદકુંદદેવને જો જ્ઞાન દિયા થા ઉસ જ્ઞાનકી જાનકારી પૂ.** ગુરુદેવકે દ્વારા ભારત દેશકો મિલી. આજ હમ જિસકા સન્માન કર રહે હૈં ઉસ રામજીભાઈકા ભી ઇસકે પ્રચારમેં બડા સહયોગ હૈ. પૂ. ગુરુદેવકે દર્શનકા મુઝે યહ




Photo : POONAM SHETH

શ્રી કુંદકુંદ–કહાન દિગંબર જૈન સરસ્વતી–ભુવન

–જેનું ઉદ્‌ઘાટન શ્રીમાન્ સાહૂ શાંતિપ્રસાદજી જૈનના હસ્તે ભાદ્ર સુદ ચોથે થયું



Photo : POONAM SHETH

માનનીય પ્રમુખશ્રી ભાષણ કરી રહ્યા છે ને શ્રીમાન્ સાહૂજીને
ઉદ્‌ઘાટન માટે વિંનતિ કરી રહ્યા છે.



Photo : POONAM SHETH

પૂ. ગુરુદેવની છાયામાં શ્રી સાહૂ શાંતિપ્રસાદજી સરસ્વતી–ભુવનનું
ઉદ્‌ઘાટન કરી રહ્યા છે તેનું દૃશ્ય
( સોનગઢ ભાદ્ર સુદ ૪ )



Photo : POONAM SHETH

શ્રી દિ. જૈન સરસ્વતી–ભુવનના ઉદ્‌ઘાટન બાદ પૂ. ગુરુદેવે સમયસારજીમાં
સ્વસ્તિક કર્યો, ને મુ. શ્રી રામજીભાઈ તે પુસ્તક
શ્રીમાન્ સાહૂજીને ભેટ આપી રહ્યા છે તેનું દૃશ્ય.
( સોનગઢ, ભાદ્ર સુદ ૪ )

ચોથા અવસર હૈ (ડાલમીઆનગર, કલકત્તા, દિલ્હી ને સોનગઢ) જબ જબ મુઝે આપકા દર્શન હોતા હૈ વ ઉપદેશ સુનતા હૂં તબ તબ આપકે સાન્નિધ્યમેં રહનેકી ભાવના જગતી હૈ, કિન્તુ હમ તો સંસારકી ઝંઝટોમેં ફંસે હુએ હૈં! હે ગુરુદેવ! આજ યહ પવિત્ર તીર્થસ્થાનમેં આકર આપકો નમસ્કાર કરતે હુએ મુઝે બહુત પ્રસન્નતા હો રહી હૈ; આપકે દ્વારા સભીકો જ્ઞાન મિલતા હૈ–સુખ મિલતા હૈ, શાંતિ મિલતી હૈ, અતઃ મેરી પ્રાર્થના હૈ કિ આપ બહુત બહુત ચિરાયુ હોં ઔર આપકે આશીર્વાદસે મુઝે વ સમાજકે સભી ભાઈ–બહેનોંકો ભી ઉચ્ચ ભાવના મિલા કરે. આજ જૈસે હમલોગ ભગવાન કુંદકુંદ સ્વામીકા નામ મંગલરૂપમેં લેતે હૈ વૈસે સમાજમેં ભવિષ્યકી પીઢીકે લોગ આપકા નામ લેતે રહેગેં.–આમ કહીને સભાના આનંદકારી ગડગડાટ વચ્ચે વાજતે–ગાજતે સૌ સરસ્વતી–ભવનનું ઉદ્ઘાટન કરવા ગયા હતા. ત્યાં પૂ. ગુરુદેવની ઉપસ્થિતિમાં શ્રી શાહુજીએ ઉદ્ઘાટન કર્યું હતું. સમયસારજી સન્મુખ જ્ઞાનદીવડો પ્રગટાવીને પૂજા થઈ હતી. ગુરુદેવ સરસ્વતી–ભવનમાં પધાર્યા હતા, ને ગુરુદેવના સુહસ્તે શાહુજીને સમયસાર વગેરે શાસ્ત્રોની ભેટ આપવામાં આવી હતી.–આમ ઉત્સાહપૂર્વક ઉદ્ઘાટન–ઉત્સવ પૂર્ણ થયો હતો.

—जयजिनेन्द्र

– * –

* ભાદ્ર સુદ ૪ ની રાત્રે જૈન વિદ્યાર્થીગૃહના બાળકોએ “શ્રીકંઠ વૈરાગ્ય” (અર્થાત્ ચલો નંદીશ્વર) નું ધાર્મિક નાટક કર્યું હતું.
* ભાદ્ર સુદ પાંચમે સવારે ભગવાન શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રા નીકળી હતી.
* ભાદ્ર સુદ દશમે સુગંધદશમી નિમિત્તે શ્રી જિનમંદિરમાં સમૂહરૂપે દશપૂજન તથા દશસ્તોત્ર સહિત ધૂપક્ષેપણ થયું હતું.

– * –

મુમુક્ષુને વીતરાગીસન્તોની વાણીની સ્વાધ્યાય અને મનન કરતાં, જાણે કે તે સંતોના ચરણસમીપ બેસીને તે સંતોની સાથે તત્ત્વગોષ્ઠી કરતા હોઈએ, એવો આહ્લાદ બહુમાન ને શ્રુતભાવના જાગે છે; અને જાણે કોઈ જુદી જ દુનિયામાં વિચરતા હોઈએ એવું લાગે છે.

– *–

# * હે જીવ ! ભેદજ્ઞાનવડે આનંદિત થા *

## ( સંવર-અધિકારના પ્રવચનમાંથી )

–*–

* નિર્મળ જ્ઞાનના આધારે આત્મા જણાય છે, ને વિકલ્પ એક બાજુ રહી જાય છે. વિકલ્પ એ જ્ઞાનથી જુદી વસ્તુ છે, જ્ઞાન સાથે તે એકમેક નથી.–આવું ભેદજ્ઞાન પ્રશંસનીય છે, અભિનંદનીય છે, કેમકે તે સંવરનો ઉત્કૃષ્ટ ઉપાય છે, ને મોક્ષનું કારણ છે.
* આત્માને જાણનારું જે નિર્મળ જ્ઞાન છે તે સંવર છે, અને વિકલ્પ તે આસ્રવ છે. સંવરરૂપ જ્ઞાન તે આસ્રવનો તિરસ્કાર કરે છે, તેને આત્મામાંથી દૂર કરે છે. આવા સંવરરૂપ ભેદજ્ઞાનને અપૂર્વ મંગળ કહીને આચાર્યદેવે અભિનંદ્યું છે.
* સંવર–અધિકાર કહો, ભેદજ્ઞાનનો અધિકાર કહો, કે શુદ્ધઆત્માની ભાવનાનો અધિકાર કહો. ‘ૐ સિદ્ધ નમઃ’ એવા મધ્યમંગલપૂર્વક આ અધિકાર શરૂ કર્યો છે. ધર્મ કહો કે સંવર કહો, તેનું મૂળ ભેદજ્ઞાન છે, ને ભેદજ્ઞાન તે મંગળ છે.
* આ તો સમ્યગ્દર્શન માટેના મહા પવિત્ર મંત્રો છે, મોક્ષના અફર મંત્રો છે.
* જ્ઞાનના આધારે ક્રોધ નથી ને ક્રોધના આધારે જ્ઞાન નથી,–કેમકે બંનેનું સ્વરૂપ એકબીજાથી તદ્દન વિપરીત છે. જ્ઞાનના આધારે આત્મા છે ને આત્માના આધારે જ્ઞાન છે –કેમકે બંનેનું સ્વરૂપ એક છે; પણ તેવી રીતે ઉપયોગસ્વરૂપ આત્માના આધારે રાગાદિ નથી, ને રાગાદિના આધારે ઉપયોગ નથી, કેમકે બંનેનું સ્વરૂપ એક નથી પણ તદ્દન ભિન્ન છે; અને ભિન્ન વસ્તુઓ વચ્ચે આધાર–આધેયપણું હોતું નથી.
* ‘ઉપયોગ’ એટલે કે સ્વસન્મુખ જે જ્ઞાન, તેમાં આત્મા છે, પણ તેમાં રાગ નથી; એટલે રાગ વડે તે નિર્મળ ઉપયોગ પ્રગટે એમ નથી.
* ઉપયોગ જ્યારે અંતર્ સ્વભાવમાં વળે છે ત્યારે રાગ તેમાં ભેગો આવતો નથી. તે ઉપયોગને ઉપયોગસ્વરૂપ–આત્મા સાથે તન્મયતા છે, પણ તેને રાગ સાથે તન્મયતા નથી.–આમ ઉપયોગને અને રાગને તદ્દન ભિન્નતા હોવાથી તેમને કર્તાકર્મપણું નથી. ઉપયોગ રાગને જરાપણ પોતાનો કરતો નથી, તેને પોતાથી પારકો જ જાણે છે.–આનું નામ ભેદજ્ઞાન, ને આ સંવરનો ઉપાય;–તે અભિનંદનીય છે; તે મંગળરૂપ છે.

* રાગ સાથે મળેલું જ્ઞાન આત્માને જાણી શકતું નથી.

* રાગથી જુદું પડેલું જ્ઞાન આત્માને જાણી શકે છે.

* રાગથી જુદું પડેલું જ્ઞાન જ શુદ્ધઆત્માને ઝીલી શકે છે, માટે તે જ્ઞાનના આધારે આત્મા છે; રાગના આધારે આત્મા નથી, કેમકે રાગમાં એવી તાકાત નથી કે શુદ્ધઆત્માને ઝીલી શકે.

* શુદ્ધાત્મા તરફ વળેલ ઉપયોગરૂપ અખંડ પર્યાય તે સંવર. તે સંવરમાં રાગનો અભાવ, આસ્રવનો અભાવ.

* અંતરમાં વળેલી નિર્મળ સંવરપર્યાયને અભેદપણે આત્મા કહ્યો, કેમકે તે પર્યાય આત્મસ્વભાવ સાથે અભેદ છે.

રાગાદિ બાહ્ય પરિણતિને આત્મા ન કહ્યો કેમકે તેને આત્માના સ્વભાવ સાથે એકતા નથી પણ ભિન્નતા છે.

* જે રાગાદિ ભાવો છે તે ‘જ્ઞાનમય’ નથી એટલે કે અજ્ઞાનમય છે; તે અજ્ઞાનમય ભાવોના આધારે આત્મા કેમ હોય? તેના આધારે જ્ઞાન કે સંવર કેમ હોય?–તે તો જ્ઞાનથી વિરુદ્ધ એવા આસ્રવો છે.

અંતર્મુખ થયેલું જે રાગ વગરનું નિર્મળજ્ઞાન, તે જ્ઞાનના આધારે આત્મા છે, તે પોતે સંવરરૂપ છે, તેમાં આસ્રવનો અભાવ છે.

આ રીતે જ્ઞાનને અને રાગાદિને અત્યંત ભિન્નતા છે–એમ સમજાવીને તેમનું ભેદજ્ઞાન કરાવ્યું.–આવા ભેદજ્ઞાનવડે આનંદનો અનુભવ થાય છે. માટે હે જીવો! આવું ભેદજ્ઞાન કરીને તમે આનંદિત થાઓ.

* આનંદનો અનુભવ થતાં રાગ ભિન્ન રહી જાય છે. આનંદ અને રાગ–એ બંને એક વસ્તુ નથી પણ ભિન્નભિન્ન વસ્તુ છે.

* આત્મા મુદિત ક્યારે થાય? એટલે કે પ્રસન્ન ક્યારે થાય?–કે જ્યારે ભેદજ્ઞાન કરે ત્યારે; ભેદજ્ઞાનમાં રાગ અને જ્ઞાનનો ભિન્ન સ્વાદ આવે છે. એવું ભેદજ્ઞાન કરાવીને આચાર્યદેવ તેની પ્રેરણા આપે છે કે હે સત્પુરુષો! આવું ભેદજ્ઞાન કરીને હવે તમે આનંદિત થાઓ...મુદિત થાઓ...પ્રસન્ન થાઓ.

* આવું ભેદજ્ઞાન થતાં જ્ઞાની પોતાના જ્ઞાનને જરાપણ વિપરીત કરતો નથી,–જરાપણ રાગને જ્ઞાનમાં ભેળવતો નથી; જ્ઞાનને શુદ્ધઉપયોગમય જ રાખે છે.–આવી દશાને સંવર કહે છે, તેણે રાગાદિ–આસ્રવોને દૂર કર્યા છે.

શુદ્ધઆત્માની ઉપલબ્ધિ કહો કે સંવર કહો,–તે ભેદજ્ઞાનથી જ થાય છે–એમ કહીને આચાર્યભગવાને ભેદવિજ્ઞાનની પ્રશંસા કરી છે. આવા ભેદજ્ઞાનથી જ શુદ્ધઆત્માનો અનુભવ થાય છે.

* સમ્યગ્દ્રષ્ટિ–જ્ઞાનીનું જ્ઞાન ઉદયમાં ઘેરાતું નથી, કેમકે પોતાના આત્માને તે ઉદયથી ભિન્ન શુદ્ધ જ્ઞાનપણે જ અનુભવે છે; તે અનુભવ કોઈ પ્રસંગમાં તેને છૂટતો નથી, એટલે જ્ઞાન જ્ઞાનપણે જ રહે છે, માટે તે જ્ઞાન ઉદયથી ઘેરાતું નથી, નિજસ્વરૂપથી ડગતું નથી; તેથી જ્ઞાનીને ભેદજ્ઞાનના બળે સંવર જ થાય છે. રાગ અને જ્ઞાનની અત્યંત ભિન્નતા જાણીને શુદ્ધજ્ઞાનપણે જ પોતાને અનુભવતાં ધર્મી જીવને અતીન્દ્રિય આનંદ ઉલ્લસે છે. આવું ભેદજ્ઞાન પ્રગટ કરીને હે જીવો ! તમે પણ આનંદિત થાઓ.

અરે ચૈતન્યપ્રભુ ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે એવી તો તારી તાકાત, છતાં તું તારા સ્વરૂપને અનુભવમાં નથી લેતો...તો શું તને શરમ નથી આવતી ! સિદ્ધસમાન સર્વજ્ઞસ્વભાવી હોવા છતાં સંસારમાં રખડીને ભવ કરતાં તને શરમ નથી આવતી !! ધરમમાં તને શરમ આવે છે ને સંસારમાં રખડતાં તને શરમ નથી આવતી ? અરે, સર્વજ્ઞસ્વભાવી આત્માને અજ્ઞાનીપણે સંસારમાં રખડવું પડે એ તો શરમ છે–કલંક છે. માટે હવે શરમાઈને એનાથી છૂટવાનો ઉદ્યમ શીઘ્ર કર.

卐

# અનેકાન્તનું રહસ્ય

***[ અનેકાન્ત જ્ઞાનનું ફળ સ્વભાવસન્મુખતા ]***

**“અનેકાન્તિકમાર્ગ પણ સમ્યક્-એકાન્ત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા-અન્ય હેતુએ ઉપકારી નથી.”**

–*–

શ્રીમદ્‌રાજચંદ્રજીના ઉપરોક્ત વાક્યમાં રહેલા જૈનસિદ્ધાંતના ઊંડા રહસ્યને પૂ. શ્રી કાનજીસ્વામીએ પ્રવચનમાં પ્રગટ કર્યું છે. સં. ૨૦૦૬ ના માહ વદ ત્રીજે પૂ. ગુરુદેવ જ્યારે મોરબીથી વવાણીયા પધાર્યા તે વખતે ‘શ્રીમદ્ રાજચંદ્ર–જન્મસ્થાનભુવન’ માં થયેલું આ પ્રવચન છે. તેઓશ્રીની ‘જન્મશતાબ્દિ’ નજીક આવી રહી છે ત્યારે તેમના વચન ઉપર તેમની જન્મભૂમિમાં જ થયેલું આ પ્રવચન સર્વે જિજ્ઞાસુઓને આનંદિત કરશે. ‘અનેકાન્ત’ નું રહસ્ય ન સમજવાને કારણે સમન્વય વગેરેના નામે જે ગોટાળા ચાલે છે તે દૂર કરીને, અનેકાન્ત દ્વારા નિજપદની પ્રાપ્તિ કરવાનું તાત્પર્ય સમજાવ્યું છે. આ પ્રવચન ઘણા વર્ષ પહેલાં જોકે આત્મધર્મમાં આવી ગયું છે, પણ ઘણા જિજ્ઞાસુઓની માંગણીથી, તેમજ ગુરુદેવ પણ કોઈ કોઈ પ્રસંગે આ પ્રવચનને યાદ કરતા હોવાથી, અને વર્તમાન શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મશતાબ્દિનો પ્રસંગ હોવાથી તે અહીં ફરીને પ્રગટ કરવામાં આવ્યું છે. ( બ્ર. હ. જૈન )

શ્રીમદ્ રાજચંદ્રનું આંતરિક જીવન હતું; તેને સમજવા માટે અંતરની પાત્રતા જોઈએ. બાહ્ય સંયોગમાં ઊભા હોવા છતાં ધર્માત્માની અંતરસ્વભાવની દ્રષ્ટિ કંઈક જાુદું કામ કરતી હોય છે. સંયોગદ્રષ્ટિથી જુએ તો તેને સ્વભાવ ન સમજાય. બાહ્ય સંયોગ તો પૂર્વના પ્રારબ્ધ નિમિત્તે હોય પણ ધર્મીની દ્રષ્ટિ તે સંયોગ ઉપર હોતી નથી, અંતરમાં આત્માનો સ્વપર

પ્રકાશક સ્વભાવ શું છે, તેના ઉપર ધર્મીની દ્રષ્ટિ છે. એવી દ્રષ્ટિવાળા ધર્માત્માનું આંતરિક જીવન આંતરિક દ્રષ્ટિથી સમજાય તેમ છે; સંયોગ ઉપરથી તેનું માપ થતું નથી. અંતરના ચૈતન્યપદનો મહિમા વાણીથી અગોચર છે. તે બતાવતાં અપૂર્વ અવસરમાં કહે છે કે–

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો...**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો...**

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા સ્વસંવેદનથી જણાય તેવો છે; પોતે સ્વસંવેદનથી જાણે તો દેવ–ગુરુ–શાસ્ત્રને નિમિત્ત કહેવાય છે. જો પોતે અંતરમાં આત્માને જાણવાનો પ્રયત્ન ન કરે તો દેવ–ગુરુ–શાસ્ત્રની વાણીના આશયને પણ યથાર્થપણે જાણી શકે નહિ અને તેને દેવ–ગુરુ–શાસ્ત્ર નિમિત્ત કહેવાય નહીં.

તળાવની ઉપલી સપાટી બહારથી સરખી લાગે, પણ અંદર ઊતરીને તેના ઊંડાણનું માપ કરતાં ઊંડાઈમાં કેટલું અંતર છે તે જણાય છે. તેમ જ્ઞાની અને અજ્ઞાનીના વચનો ઉપરટપકે જોતાં સરખાં હોય તેવાં લાગે, પણ અંતરનું ઊંડું રહસ્ય જોતાં તેમના આશયમાં કેવો આંતરો છે તે સમજાય.

જ્ઞાની અને અજ્ઞાનીની વેપાર, ખાવું પીવું વગેરે બહારની ક્રિયાઓ સરખી દેખાય અને બાહ્યમાં વસ્ત્રાદિ સંયોગનો અભાવ પણ કદાચ સરખો હોય, પરંતુ તેમની અંતરની દશામાં આકાશ–પાતાળ જેટલું અંતર છે, તેનું માપ બહારથી થઈ શકે નહીં. જ્ઞાનીને પૂર્વ– પ્રારબ્ધથી લાખોના વેપારનો સંયોગ વર્તતો હોય અને અજ્ઞાનીને કદાચ પૂર્વપ્રારબ્ધથી બાહ્ય સંજોગો ઓછા હોય, પણ અંતરમાં ‘શરીરાદિ જડની ક્રિયા હું કરું’ એવું પરમાં અહંપણું અજ્ઞાનીને હોય છે, આત્માનો અનાદિ–અનંત જ્ઞાનસ્વભાવ નિજપદસ્વરૂપ છે, તેનું તેને ભાન હોતું નથી ને પુણ્ય–પાપમાં તથા પરમાં અહંપદ વર્તતું હોય છે. તેથી તે અજ્ઞાનીને ક્ષણે ક્ષણે અધર્મ થાય છે. અને જ્ઞાનીને બાહ્ય સંયોગ ઘણા હોવા છતાં, તેના અંતરમાં એક રજકણનું પણ સ્વામીપણું નથી, અંતરંગ ચૈતન્યસ્વભાવના નિજપદ ઉપર તેમની દ્રષ્ટિ પડી છે એટલે તેમની પરિણતિ ક્ષણે ક્ષણે નિજપદ તરફ વળતી જાય છે. ધર્મી–અધર્મીનાં માપ બહારથી આવે તેમ નથી.

શ્રીમદે પોતાના લખાણોમાં જ્યાં ત્યાં વારંવાર નિજસ્વરૂપની પ્રાપ્તિનો પોકાર કર્યો છે. ‘મૂળમાર્ગ’ માં પણ કહ્યું છે કેઃ–

**તે ત્રણે અભેદ પરિણામથી રે,**
**જ્યારે વર્તે તે આત્મારૂપ...મૂળ૦**
**તેહ મારગ જિનનો પામિયો રે,**
**કિંવા પામ્યો તે નિજસ્વરૂપ...મૂળ૦**

સર્વજ્ઞનો માર્ગ અને નિજપદનો માર્ગ જુદા નથી. જ્યારે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર

એ ત્રણે અભેદપણે આત્મારૂપ વર્તે છે ત્યારે તે જીવ, સર્વજ્ઞનો માર્ગ પામ્યો એમ કહો, કે નિજસ્વરૂપને પામ્યો એમ કહો,–બંને જુદા નથી.

જે નિજપદ એટલે કે આત્મસ્વરૂપ સર્વજ્ઞ ભગવાને પોતાના જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણ્યું, પણ વાણી દ્વારા પૂરું ન કહેવાયું, ભગવાનના જ્ઞાનમાં આવ્યું પણ વાણીમાં પૂરું ન આવ્યું, તે પદના મહિમાને અન્ય વાણી તો શું કહે? 'અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો' વાણીથી અગોચર અને પોતાના સ્વાનુભવથી ગોચર છે. આત્માનું નિજપદ તો પોતાના સ્વસંવેદનજ્ઞાનથી જ વેદાવા યોગ્ય છે–જણાવા યોગ્ય છે–પ્રાપ્ત કરવા યોગ્ય છે–પ્રગટ કરવા યોગ્ય છે–અનુભવ કરવા યોગ્ય છે.–એ પ્રમાણે નિજપદનો મહિમા કરીને ત્યાર પછી છેલ્લી કડીમાં તે પદની પ્રાપ્તિ માટે ભાવના કરતાં કહે છે કે–

**એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,**
**ગજા વગર ને હાલ મનોરથરૂપ જો.**
**તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,**
**પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો... અપૂર્વ૦**

આવા ચૈતન્યસ્વરૂપી નિજપદનું પોતાને ભાન તો થયું છે, પણ હજી પૂર્ણ પ્રાપ્તિ થઈ નથી, તેથી પૂર્ણતાની પ્રાપ્તિની ભાવના કરી છે. અને તેની પ્રાપ્તિ જરૂર થશે એમ પોતાની નિઃશંકતા છે.

ભરૂચના એક ભાઈ અંતર્દ્રષ્ટિ વગર બાહ્યક્રિયા વિધિ–નિષેધના આગ્રહી હતા, તેમના ઉપરના એક પત્રમાં શ્રીમદ્ લખે છે કે–**'અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.'**–આ એક વાક્યમાં શ્રીમદે સર્વજ્ઞના હૃદયનો મર્મ ગોઠવ્યો છે, બધા શાસ્ત્રોનો છેવટનો સાર આમાં બતાવી દીધો છે, પાત્ર જીવ હોય તે તેનું રહસ્ય સમજી જાય. શ્રીમદ્ના વચનો પાછળ એવો ગૂઢ ભાવ રહેલો છે કે ગુરુગમ વગર પોતાની મેળે એનો પત્તો ખાય તેમ નથી. ઘણા જીવો વ્યવહાર વ્રત, તપ, ઉપવાસાદિ બાહ્યક્રિયામાં, તેમ જ બાહ્ય વિધિ–નિષેધના આગ્રહમાં અટકી રહે છે ને તેમાં જ સર્વસ્વ માની બેસે છે; પરંતુ તે વ્રતાદિમાં પર તરફ જતી લાગણીનો ભાવ તો શુભરાગ છે,–તેમાં જ જે ધર્મ માનીને અટકી પડયા છે તેને શ્રીમદ્ આ એક વાક્યદ્વારા અનેકાન્તમાર્ગનું રહસ્ય સમજાવીને અંતરમાં વાળવા માંગે છે. આ એક લીટીમાં કેટલું રહસ્ય રહેલું છે તેનું માપ બહારથી ન આવે. તેનું દ્રષ્ટાંત–

એક બાઈ ચોખાની કમોદ ખાંડતી હતી, તેમાં ચોખા તો કસદાર હોવાથી નીચે ઉતરતા હતા, અને ફોતરાં ઉપર દેખાતાં હતાં. ત્યાં બીજી બાઈએ તે જોયું. તેણે અંદરના ચોખા તો ન દેખ્યા ને બહારના એકલાં ફોતરાં જોયાં. એટલે પેલી બાઈ ફોતરાં ખાંડતી લાગે

છે એમ માનીને પોતે પણ ઘરે જઈને ફોતરાં ખાંડવા લાગી. પણ ફોતરાંમાંથી તો ચોખા ક્યાંથી નીકળે? તે બાઈએ માત્ર બાહ્ય અનુકરણ કર્યું. તેમ અજ્ઞાની જીવો પણ જ્ઞાનીઓની ઊંડી અંતરદ્રષ્ટિને ઓળખતા નથી અને માત્ર તેમના શુભરાગનું અને બહારની ક્રિયાનું અનુકરણ કરે છે. જ્ઞાનીઓને અંતરમાં પુણ્ય–પાપની લાગણીઓ ઉપર દ્રષ્ટિ હોતી નથી, અને જડ શરીરની ક્રિયા મારે લીધે થાય છે–એમ તેઓ માનતા નથી, તેમની દ્રષ્ટિનું જોર અંતરમાં નિજપદ ઉપર હોય છે કે હું અનાદિઅનંત ધ્રુવસ્વભાવી જ્ઞાયકમૂર્તિ આત્મા છું.– એવી અંતરંગદ્રષ્ટિને તો અજ્ઞાની જાણતો નથી, અને અવસ્થામાં વર્તતી પુણ્ય–પાપની લાગણીઓને તથા દેહાદિની ક્રિયાને જુએ છે, અને તેનાથી જ ધર્મ થતો હશે એમ તે માને છે; એટલે ફોતરાં ખાંડનાર બાઈની માફક, તે પણ ફોતરાં જેવા શુભરાગમાં ને દેહાદિની ક્રિયામાં અટકી રહે છે. જ્ઞાનીઓ તો પોતાના અંતરમાં સ્વભાવ તરફનું વલણ કરી રહ્યા છે, સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતારૂપી કસ તો અંદરમાં ઉતરે છે (અર્થાત્ આત્મામાં અભેદ થાય છે), તેનું ફળ બહારમાં દેખાતું નથી; અસ્થિરતાના કંઈક રાગને લીધે પૂજા–ભક્તિ–વ્રત વગેરે શુભરાગ તેમ જ વેપાર–ધંધા વગેરે સંબંધી અશુભરાગ થાય તેને જ્ઞાની ફોતરાં સમાન જાણે છે તથા દેહ–મન–વાણીની ક્રિયા તો જડની છે; તે બંનેથી ભિન્ન પોતાના નિજસ્વભાવ ઉપર જ્ઞાનીની દ્રષ્ટિ છે. આવી દ્રષ્ટિને લીધે ધર્મીને ક્ષણે ક્ષણે અંતરમાં નિજપદ તરફનું વલણ છે. વચ્ચે પુણ્ય–પાપની લાગણી ઊઠતાં નિમિત્તો ઉપર લક્ષ જાય છે અને દેહાદિની ક્રિયા તેના કારણે સ્વયં થતી હોય છે, તેને જ અજ્ઞાની જુએ છે. પરંતુ જ્ઞાનીને અંતરની ઊંડી દ્રષ્ટિને લીધે ક્ષણે ક્ષણે ધર્મ થાય છે, તેને તે જોતો નથી. ઓળખતો નથી.

નિજપદને ભૂલીને બાહ્ય ક્રિયાકાંડમાં અટકેલા જીવોને અંતર્સ્વભાવની દ્રષ્ટિ તરફ વાળવાના હેતુથી અહીં શ્રીમદ્ કહે છે કે–ભાઈ! સર્વજ્ઞ ભગવાને જે અનેકાંતમાર્ગ કહ્યો છે તે સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ માટે જ ઉપકારી છે. અનેકાંત એટલે શું? વસ્તુમાં નિત્ય–અનિત્ય વગેરે બબ્બે પરસ્પર વિરુદ્ધ ધર્મો રહેલા છે, તેનું નામ અનેકાંત છે. આત્મા સ્વભાવે શુદ્ધ છે, અવસ્થાએ વર્તમાન અશુદ્ધ છે–ઇત્યાદિ પ્રકારે બબ્બે પડખાં જાણીને એક સ્વભાવ તરફ વળવું તે જ પ્રયોજન છે, અને તેનું નામ 'સમ્યક્ એકાંત' છે. આત્મા સ્વભાવે શુદ્ધ અને અવસ્થાએ અશુદ્ધ–એમ બબ્બે પડખાં જાણીને તેના વિકલ્પમાં અટકી રહે અને શુદ્ધસ્વભાવ તરફ વળે નહીં, તો તેને નિજપદની પ્રાપ્તિ થાય નહીં, અને તેણે ખરેખર અનેકાંતને જાણ્યો ન કહેવાય.

આત્મા ધ્રુવ નિત્ય સ્વભાવે જ્ઞાતાદ્રષ્ટા આનંદસ્વરૂપ છે, અને ક્ષણિક અનિત્ય પર્યાયમાં પુણ્ય–પાપ વિકાર છે; એ રીતે એક શુદ્ધ ચૈતન્ય પડખું અને બીજું અશુદ્ધ પડખું –એમ બંને પડખાંને જાણવા તે અનેકાંત છે; અનેકાંત તે સર્વજ્ઞભગવાનનો માર્ગ છે, સર્વજ્ઞનો માર્ગ એટલે નિજપદનો માર્ગ. ત્રિકાળી સ્વભાવે શુદ્ધ અને વર્તમાન પર્યાયે અશુદ્ધ –એવું અનેકાંતનું જ્ઞાન અંતર્સ્વભાવસન્મુખ થઈને નિજપદની પ્રાપ્તિ કરવા સિવાય બીજા કોઈ હેતુએ ઉપકારી નથી. જુઓ, આમાં વિચારવા જેવું ઊંડું રહસ્ય છે.

આત્મા ત્રિકાળી સ્વભાવે શુદ્ધ છે ને વર્તમાન અવસ્થામાં અશુદ્ધ છે. ક્ષણિક અવસ્થાની અશુદ્ધતા વખતે જો આખો આત્મા જ તદ્ન અશુદ્ધ થઈ ગયો હોય,–સ્વભાવે પણ શુદ્ધ ન રહ્યો હોય, તો અશુદ્ધતા ટળીને શુદ્ધતા આવશે ક્યાંથી? પ્રાપ્તની પ્રાપ્તિ હોય એટલે કે જો શક્તિરૂપ શુદ્ધતા હોય તો પર્યાયમાં વ્યક્ત થાય; જો શુદ્ધતા ન જ હોય તો પ્રગટે નહીં. માટે શક્તિરૂપે આત્માનો સ્વભાવ શુદ્ધ છે, અને પ્રગટ અવસ્થામાં અશુદ્ધતા છે. જો અવસ્થામાં અશુદ્ધતા ન હોય તો વર્તમાનમાં શુદ્ધતા હોય એટલે પ્રગટ પરમાનંદનો અનુભવ હોવો જોઈએ. માટે આત્મા એકાંત શુદ્ધ કે અશુદ્ધ નથી પણ દ્રવ્યસ્વભાવે શુદ્ધ અને પર્યાયમાં અશુદ્ધ–એવો અનેકાંત છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે કે–
કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ? અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ.

આત્મા જો સર્વથા પુણ્ય–પાપ વિનાનો તથા કર્મના નિમિત્ત વગરનો અસંગ હોત તો તને તેના આનંદનો વ્યક્ત અનુભવ થયા વિના ન રહેત. પર નિમિત્તના સંગે આત્માની અવસ્થામાં જો બિલકુલ વિકાર ન હોત તો અસંગ ચૈતન્યના પરમ આનંદનો અનુભવ વર્તતો હોત. માટે અવસ્થામાં વિકાર અને નિમિત્તનો સંગ છે. છતાં 'અસંગ છે પરમાર્થથી'–અંતર્સ્વભાવની દ્રષ્ટિથી જોતાં સમ્યક્ ચિદાનંદ પ્રભુ અસંગ છે. જો પરમાર્થે અસંગ ન હોય તો કદી અસંગ થાય નહીં. અને જો વ્યવહારે પણ અસંગ હોત તો પૂર્ણાનંદનો અનુભવ વ્યક્ત હોત. જે પુણ્ય–પાપ, ક્રોધ વગેરેની લાગણીઓ થાય છે તે કાંઈ જડને થતી નથી, પણ ચેતનની અવસ્થામાં પોતે જ કરે છે. જો ચેતન શુદ્ધ જ હોય તો ભૂલ કોની? અને સંસાર કોનો? જો ચેતનની અવસ્થામાં ભૂલ ન હોય તો આ સમજવાનો ઉપદેશ કોને? આત્મા શક્તિરૂપે ત્રિકાળ શુદ્ધ પરિપૂર્ણ હોવા છતાં વર્તમાન અવસ્થામાં મલિન થઈ રહેલો છે. જો તે મલિનતા ન હોત તો અત્યારે પરમાત્મા હોત. વળી જો અશુદ્ધતા જ તેનું સ્વરૂપ હોત તો તે કદી ટળી શકત નહીં. પરમાર્થે આત્મા અસંગશુદ્ધ છે, અને નિજભાને પર્યાયમાં તે પ્રગટે છે.

–આ રીતે, વર્તમાનદ્રષ્ટિએ આત્મા

સંગવાળો–મલિન છે અને વસ્તુસ્વભાવે શુદ્ધ છે–એવો અનેકાંત છે; પણ તે બે પડખાં જાણીને એકપણું પ્રગટ કર્યા વગર અનેકાંતનું યથાર્થ પ્રયોજન સિદ્ધ થતું નથી, એટલે કે ‘સ્વભાવે શુદ્ધ અને અવસ્થાએ અશુદ્ધ’ એમ બે પડખાં જાણીને તેની સામે જ જોયા કરે અને શુદ્ધસ્વભાવ તરફ ન વળે તો તેને નિજપદની પ્રાપ્તિ થતી નથી ને અશુદ્ધતા ટળતી નથી. પણ ત્રિકાળ સ્વભાવે હું શુદ્ધ છું, ને ક્ષણિક પર્યાયમાં અશુદ્ધતા છે, એમ બંને પડખાંને જાણીને, જો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તરફ વળે તો નિજપદની પ્રાપ્તિ થાય છે, ને અશુદ્ધતા ટળે છે.

અહીં જેમ શુદ્ધ અને અશુદ્ધ એ બે બોલમાં અનેકાંત સમજાવ્યો તે પ્રમાણે ઉપાદાન –નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર વગેરે બધા બોલમાં પણ સમજવું. ઉપાદાન છે અને નિમિત્ત પણ છે–એમ બંનેને જાણે ખરો, પણ તેમાં ઉપાદાનથી વસ્તુનું કામ થાય છે અને નિમિત્ત કાંઈ કરતું નથી–એમ સમજીને જો ઉપાદાન તરફ વળે તો અનેકાંત કહેવાય. અનાદિનો અજ્ઞાની જીવ સાચું આત્મભાન પોતાની લાયકાતથી જ્યારે પ્રગટ કરે ત્યારે તેને આત્મજ્ઞાની સદ્ગુરુ જ નિમિત્તરૂપે અવશ્ય હોય. સાચું નિમિત્ત ન હોય તેમ બને નહીં, તેમ જ નિમિત્ત કાંઈ કરી દે–એમ પણ બને નહીં. શ્રીમદ્ કહે છે કે–

**બુઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝનકી રીત,**
**પાવે નહિ ગુરુગમ વિના, એ હી અનાદિ સ્થિત.**
**પાયાકી યે બાત હૈ, નિજ છંદન કો છોડ,**
**પીછે લાગ સત્પુરુષકો તો સબ બંધન તોડ.**

હે ભાઈ ! જો તું આત્મસ્વભાવનું ભાન કરવા ચાહતો હો અને અનાદિનું અજ્ઞાન ટાળવું હોય તો તેની રીત છે. પણ ગુરુગમ વિના તે રીત હાથ આવે તેમ નથી–એવી અનાદિ વસ્તુસ્થિતિ છે. ચૈતન્યસ્વભાવ કોણ છે તે ગુરુગમ વગર સમજાય નહીં. જીવ જ્યારે સમ્યગ્જ્ઞાન પામે છે ત્યારે તે પોતાની લાયકાતથી જ પામે છે, પણ તે લાયકાત વખતે નિમિત્તપણે ગુરુગમ ન હોય એમ બને નહીં.–આવો અનેકાંત છે; નિમિત્ત કાંઈ કરે નહીં અને અજ્ઞાની નિમિત્ત હોય નહીં. જેમ ચાર મણ ચોખા લેવા જાય ત્યાં અઢી શેરનો કોથળો ભેગો હોય, પણ ચાર મણ ચોખા ભેગો અઢી શેરનો કોથળો રંધાય નહીં, તેમ ચૈતન્યસ્વભાવને જાણવામાં જ્ઞાની નિમિત્ત તરીકે હોય છે, તે બારદાન છે–બહારની ચીજ છે. તે નિમિત્ત કાંઈ સમજાવી દેતું નથી. જ્ઞાની સિવાય અજ્ઞાની નિમિત્ત હોય નહીં, ને આત્માના આનંદના અનુભવમાં નિમિત્ત કાંઈ કરે નહીં. જેમ ઊંચું કેસર લેવા જાય ત્યાં બારદાન

તરીકે શણીયાનો કોથળો ન હોય પણ સારી બરણી કે પેટી હોય. તેમ અપૂર્વ સત્યસ્વભાવની સમજણ પ્રગટ કરવામાં નિમિત્તરૂપે સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર હોય, અજ્ઞાની ન હોય.

–આ રીતે, ઉપાદાન છે ને નિમિત્ત પણ છે–એમ બંનેને જાણવા તે અનેકાંત છે; પણ તે અનેકાંતિકમાર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા કોઈ હેતુએ ઉપકારી નથી. એટલે કે ઉપાદાન અને નિમિત્ત બંનેને જાણીને એક ઉપાદાન–સ્વભાવસન્મુખ વળવું તે પ્રયોજન છે. ઉપાદાન છે અને નિમિત્ત છે–એમ જાણીને જો તેના જ લક્ષે રોકાય, ને નિમિત્તનું લક્ષ છોડીને પોતાના ઉપાદાનની દ્રષ્ટિ પ્રગટ ન કરે તો નિજપદની પ્રાપ્તિ થાય નહીં. પોતાના સ્વભાવ તરફની એકતા પ્રગટ કર્યા વિના અનેકાંતનું પણ સાચું જ્ઞાન થાય નહીં.

( ૧ ) ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ અને ક્ષણિક અવસ્થામાં અશુદ્ધતા–એ બંને પડખાંને જાણીને, શુદ્ધસ્વભાવ તરફ વળવું તે અનેકાંત છે. શુદ્ધસ્વભાવ તરફ વળ્યા વિના અશુદ્ધતાનું પણ યથાર્થ જ્ઞાન થાય નહીં.

( ૨ ) પોતે પોતાની પાત્રતા પ્રગટ કરીને અંતરમાં વલણ કરે તો સત્ સમજાય. અને તે વખતે સદ્ગુરુ નિમિત્ત હોય, પણ નિમિત્ત કાંઈ કરે નહીં. એ પ્રમાણે ઉપાદાન નિમિત્તને જાણીને, નિમિત્તનું લક્ષ છોડીને ઉપાદાન તરફ વળવું તે પ્રયોજન છે. ઉપાદાન તરફ વળ્યા વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન પ્રગટે નહીં.

[ એ પ્રમાણે બે બોલ થયા. હવે ત્રીજો બોલ નિશ્ચય–વ્યવહારનો અને ચોથો બોલ દ્રવ્ય–પર્યાયનો છે, તે ભાગ આગામી અંકમાં વાંચશોજી. )

– * –

**અરે જીવ ! આ ઇષ્ટની પ્રાપ્તિનો અવસર છે. સન્તો તને તારા ઇષ્ટની પ્રાપ્તિની રીત બતાવે છે. પહેલાં ઇષ્ટનું સ્વરૂપ નક્કી કર...ઇષ્ટ એવું આત્માનું શુદ્ધસ્વરૂપ શું છે તે જ્ઞાનમાં લઈને સીધું તેને અનુભવમાં લે. ‘સીધું’ એટલે વચમાં બીજી કોઈ પરભાવની આડ રાખ્યા વગર એકલા જ્ઞાન વડે આત્માને અનુભવમાં લે. જે કાંઈ ઇષ્ટ-વહાલું ને સુખરૂપ છે તે બધુંય આત્માના સ્વાનુભવમાં સમાય છે.**

– * –

# વિવિધ સમાચાર

## આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા

મલકાપુરના ભાઈશ્રી રતનલાલસા પન્નાલાલસાના સુપુત્ર ભાઈશ્રી રમેશકુમારે શ્રાવણ વદ ૧૪ ના રોજ પૂ. ગુરુદેવ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા અંગીકાર કરી છે. તેમની ઉંમર ૨૬ વર્ષ છે, અને તેઓ બાલબ્રહ્મચારી છે. પાંચેક વર્ષથી તેઓ સોનગઢના રેકોર્ડિંગરીલ પ્રવચનોનો પ્રચારવિભાગ સંભાળે છે; ને સોનગઢમાં પૂ. ગુરુદેવના સત્સંગનો લાભ લ્યે છે. હમણાં જે નવ કુમારિકાબેનોએ બ્રહ્મચર્ય–પ્રતિજ્ઞા લીધી તેમાં એક તેમના બહેન પણ હતા. આ રીતે ભાઈ–બહેન બંનેએ આજીવન બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા લીધી છે. શ્રી રમેશભાઈ પોતાની ભાવનાઓમાં ઉત્સાહથી આગળ વધે એવી શુભેચ્છા સાથે તેમને ધન્યવાદ.

## ૧૦૦ વચનામૃત મોકલો........

સૌરાષ્ટ્રમાં અધ્યાત્મના બીજ રોપનાર મહાન જૈન સન્ત શ્રીમદ્ રાજચંદ્રજીની આ કારતક સુદ પૂર્ણિમાએ જન્મશતાબ્દિ છે; તેમની જન્મશતાબ્દિના આ પ્રસંગે તે પવિત્રાત્મા પ્રત્યે ભાવભીની અંજલિરૂપે તેમના ૧૦૦ વચનામૃતો આત્મધર્મના આગામી અંકમાં પ્રગટ કરવાની ભાવના છે. તો પુસ્તકમાંથી પસંદ કરીને તેમનાં વચનામૃત લખી મોકલવા માટે જિજ્ઞાસુઓને વાત્સલ્યપૂર્વક નિમંત્રણ છે.

આ વચનામૃત છાપેલ પુસ્તકમાંથી અક્ષરશઃ ઉતારેલા હોવા જોઈએ; તથા તેમાં વર્ષ અગર તિથિ પણ લખવા–જેથી પુસ્તકમાંથી શોધવા સુગમ પડે. (આવેલા વચનામૃતોમાંથી ૧૦૦ વચનામૃતોનું સંકલન કરીશું. –સંપાદક

## રજત જયંતિનું વર્ષ

આવતા અંકે આપણું આત્મધર્મ ૨૪ વર્ષ પૂર્ણ કરશે. ને ત્યારપછીના અંકે પચીસમા વર્ષમાં એટલે કે રજતજયંતિના વર્ષમાં પ્રવેશ કરશે. પૂ. ગુરુદેવની મંગલ છત્રછાયામાં આનંદોલ્લાસપૂર્વક આપણું “આત્મધર્મ” વધુ ને વધુ વિકસે, ને ગુરુદેવના પ્રતાપે તેના ચાર ઉદ્દેશો–આત્માર્થીતાનું પોષણ, વાત્સલ્યનો વિસ્તાર, દેવગુરુધર્મની સેવા ને બાળકોમાં ધર્મસંસ્કારોનું સીંચન–આ ચાર ઉદ્દેશો વધારે ને વધારે સફળ થાય એવી જિનેન્દ્રદેવ પાસે પ્રાર્થના કરીએ છીએ.

## પ્રશ્નો મોકલો........

આત્મધર્મનો સર્વપ્રિય વિભાગ “વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા”–તેને માટે સૌ કોઈ જિજ્ઞાસુઓ પ્રશ્ન કે સૂચનો મોકલી શકે છે. આ વિભાગ માત્ર

બાલવિભાગના સભ્યો માટે જ નહિ પરંતુ સમસ્ત જિજ્ઞાસુ પાઠકોને માટે ખુલ્લો છે. હરકોઈ વાંચકોના યોગ્ય વિચારો આ વિભાગમાં વ્યક્ત થાય છે. આ વિભાગમાં અવનવી નવીનતા માટે આપ પણ પ્રશ્ન વગેરે મોકલી શકો છો.

## “રત્નસંગ્રહ”ની ભેટ

રજાઓનો સદુપયોગ કઈ રીતે કર્યો–તે સંબંધી એક પત્રયોજના બાલવિભાગમાં રજુ થયેલ; આ યોજનાઅનુસાર ૬૦ જેટલા બાળકોના પત્રો આવેલ; સૌએ પોતાની ઉત્તમ ભાવનાઓ રજુ કરી હતી. જગ્યા થોડી અને પત્રો ઘણા–તેથી બધા પત્રો છાપી. શકાયા નથી; કેટલાક પત્રો છપાયા છે;–આ પત્રો ઉપરથી ખ્યાલ આવે છે કે બાલવિભાગના સભ્યોમાં ધર્મના કેવા સરસ સંસ્કાર રેડાઈ રહ્યા છે. પત્ર લખનારા બધા સભ્યોને ધન્યવાદ સાથે ‘રત્નસંગ્રહ’ નામનું સરસ પુસ્તક ભેટ મોકલવામાં આવ્યું છે. આ પુસ્તક સંપાદક તરફથી ભેટ આપવામાં આવ્યું છે. બંધુઓ, હવે દીવાળીની રજાઓનો આનાથી પણ વધુ સદુપયોગ કરજો........जय जिनेन्द्र

(બીજા જે જિજ્ઞાસુઓને જરૂર હોય તેમને, એક રૂા. મોકલવાથી આ રત્નસંગ્રહ પુસ્તક પોસ્ટથી મોકલવામાં આવશે. આ પુસ્તકમાં જ્ઞાન–વૈરાગ્યપોષક સંતોના એકસો ઉપદેશ–રત્નોનો સુંદર સંગ્રહ છે, ને નાના મોટા સૌને ઉપયોગી છે.)

# વૈ રા ગ્ય સ મા ચા ર

* નરોડા (અમદાવાદ) ના ભાઈશ્રી ફકીરચંદ શિવલાલના સુપુત્ર ભાઈ પદ્મકાન્ત ફકીરચંદ માત્ર ૨૧ વર્ષની ભરયુવાનવયે દિલ્હી મુકામે તા. ૨૮–૮–૬૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. થોડા વખત પહેલાં પૂ. ગુરુદેવ નરોડામાં તેમના ઘેર પધારેલા ત્યારે પદ્મકાન્તને ઘણો આનંદ ને ઉલ્લાસ થયેલો. પૂ. ગુરુદેવ યાત્રામાં દિલ્હી પધાર્યા ત્યારે પણ ગુરુદેવની વાણી તેણે સાંભળી હતી. તેમના એક ભાઈ આપણા બાલવિભાગના સભ્ય છે. આવા યુવાનના વિયોગથી તેમના પરિવાર ઉપર જે દુઃખ આવ્યું છે તેમાં તેઓ વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસના વડે શાંતિ પ્રાપ્ત કરો, અને સ્વર્ગસ્થ આત્મા પણ જૈનધર્મના સંસ્કારવડે આત્મહિત પામો...

* નાઈરોબી (આફ્રિકા) મુમુક્ષુ મંડળમાં સૌથી પ્રથમ જોડાયેલા શ્રી સવિતાબેન ગુલાબચંદ પોપટ તા. ૩૧–૮–૬૭ ના રોજ નાઈરોબી મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. આફ્રિકા જેવો પરદેશ, અને દસેક વર્ષની લાંબી બિમારી છતાં તેમણે પોતાની ધાર્મિક ભાવનાઓ ટકાવી રાખી હતી, તેઓ ગુરુદેવને વારંવાર યાદ કરતા, તેમજ ત્યાંના સાધર્મીઓ પાસેથી ધર્મશ્રવણ કરતા; તેઓ મંડળના ઉત્સાહી સભ્ય હતા...ભવિષ્યમાં તેમનો આત્મા નિરંતર સત્સંગનો યોગ પામો ને પોતાની આત્મિકભાવનાઓ પૂર્ણ કરો.




## ( બાલવિભાગના નવા સભ્યોનાં નામ )

| | | |
|---|---|---|
| ૧૮૭૦ | શરદકુમાર દુર્લભજી જૈન | કલકત્તા |
| ૧૮૭૧ | કૈલાસબેન કાન્તિલાલ જૈન | સાબલી |
| ૧૮૭૨ | અશ્વિનકુમાર અમૃતલાલ જૈન | કુડસદ |
| ૧૮૭૩ | ભારતીકુમારી બી. જૈન | મુંબઈ |

[ ઉપરના ચાર સભ્યોના સભ્યનંબર લખવામાં ભૂલ થઈ છે, તો તેઓ ઉપર મુજબ નંબર સુધારી લેશો. )

| | | |
|---|---|---|
| ૧૮૭૪ | અરૂણાબેન ઉમેદચંદ જૈન | દલડી |
| ૧૮૭૫ | રાજેન્દ્રકુમાર ચંપકલાલ જૈન | દલડી |
| ૧૮૭૬ | સતીશકુમાર દેવરાજ જૈન | અમદાવાદ |
| ૧૮૭૭ | નરેન્દ્ર ઉમેદચંદ જૈન | દલડી |
| ૧૮૭૮ | કીર્તિ વાડીલાલ જૈન | વાંકાનેર |
| ૧૮૭૯ | રાજેશ પ્રવીણચંદ્ર જૈન | વાંકાનેર |
| ૧૮૮૦ | રોહીતકુમાર વાડીલાલ જૈન | વાંકાનેર |
| ૧૮૮૧ | વસંતરાય કનૈયાલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૮૨ | પ્રકાશકુમાર કનૈયાલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૮૩ | ભરતકુમાર કનૈયાલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૮૪ | ચૈતન્યકુમાર કનૈયાલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૮૫ | લીનાદેવી કનૈયાલાલ જૈન | મુંબઈ–૪ |
| ૧૮૮૬ | કનુભાઈ મોહનલાલ જૈન | પ્રાંતિજ |
| ૧૮૮૭ | વિનુભાઈ તલકચંદ જૈન | પ્રાંતિજ |
| ૧૮૮૮ | પ્રકાશ અમૃતલાલ જૈન | મુંબઈ–૬૬ |
| ૧૮૮૯ | હર્ષદકુમાર બાબુભાઈ જૈન | સોનગઢ |
| ૧૮૯૦ | મનસુખલાલ લાલચંદ જૈન | સોનગઢ |
| ૧૮૯૧ | ભરતકુમાર લાલચંદ જૈન | સોનગઢ |

| | | |
|---|---|---|
| ૧૮૯૨ | જાગૃતીબેન મગનલાલ જૈન | માળીયા |
| ૧૮૯૩ | અવનિશ મગનલાલ જૈન | માળીયા |
| ૧૮૯૪ | રૂપબાળા મગનલાલ જૈન | માળીયા |
| ૧૮૯૫ | જીતેન્દ્રકુમાર મનસુખલાલ જૈન | વેરાવળ |
| ૧૮૯૬ | ગીરીશકુમાર મનસુખલાલ જૈન | વેરાવળ |
| ૧૮૯૭ | રોહિતકુમાર મનસુખલાલ જૈન | વેરાવળ |
| ૧૮૯૮ | મનોજકુમાર મનસુખલાલ જૈન | વેરાવળ |
| ૧૮૯૯ | સુરેશચંદ્ર કાન્તિલાલ જૈન | છાણી |
| ૧૯૦૦ | સુધાબેન મનુભાઈ જૈન | છાણી |

( આ ૧૮૯૯ તથા ૧૯૦૦ બંનેનું સભ્યકાર્ડ મોકલેલ, તે પાછું આવેલ છે. સરનામું મોકલો. )

| | | |
|---|---|---|
| ૧૯૦૧ | રમેશકુમાર પ્રાગજી જૈન | અમદાવાદ |
| ૧૯૦૨ | નુતનકુમાર હસમુખલાલ જૈન | મુંબઈ–૬૨ |
| ૧૯૦૩ | સિદ્ધાર્થકુમાર હસમુખલાલ જૈન | મુંબઈ–૬૨ |
| ૧૯૦૪ | શ્રેણીક વસંતરાય જૈન | મુંબઈ–૬૨ |
| ૧૯૦૫ | શ્રેયસ વસંતરાય જૈન | મુંબઈ–૬૨ |
| ૧૯૦૬ | મીરાબેન રસિકલાલ જૈન | મુંબઈ–૫૬ |
| ૧૯૦૭ | રીટાબેન રસિકલાલ જૈન | મુંબઈ–૫૬ |
| ૧૯૦૮ | ચેતનાબેન અંબાલાલ જૈન | ધોળકા |
| ૧૯૦૯ | કિરણકુમાર અંબાલાલ જૈન | ધોળકા |
| ૧૯૧૦ | સંગીતાબેન છગનલાલ જૈન | કલકત્તા |
| ૧૯૧૧ | કામિનીબેન છગનલાલ જૈન | કલકત્તા |
| ૧૯૧૨ | વીરેન્દ્રકુમાર હિંમતલાલ જૈન | મુંબઈ–૨૮ |

( ઉપરના બે સભ્યોના નંબરમાં ફેરફાર થયો છે તે સભ્યકાર્ડમાં સુધારી લેવો. )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૧૩ | મહેશકુમાર કોદરલાલ જૈન | બહીયલ | ૧૯૨૧ | દીપકકુમાર મફતલાલ જૈન | દહેગામ |
| ૧૯૧૪ | અંજનાબેન બાબુલાલ જૈન | વદરાડ | ૧૯૨૨ | રજનીકાન્ત કેશવલાલ જૈન | જસદણ |
| ૧૯૧૫ | મહેન્દ્રકુમાર અનોપચંદ જૈન | મુંબઈ–૭૨ | ૧૯૨૩ | સુરેશકુમાર ખીમજીભાઈ જૈન | મુંબઈ–૮૦ |
| ૧૯૧૬ | જયંતિલાલ ચંદુલાલ જૈન | તલોદ | ૧૯૨૪ | ઉપેન્દ્રકુમાર મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૧૭ | બાબુલાલ ચંદુલાલ જૈન | તલોદ | ૧૯૨૫ | વીરેન્દ્રકુમાર મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૧૮ | શૈલેશકુમાર ચંદુલાલ જૈન | તલોદ | ૧૯૨૬ | રાજેન્દ્રકુમાર મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૧૯ | નવનીતકુમાર ચંદુલાલ જૈન | તલોદ | ૧૯૨૭ | શૈલેશકુમાર મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૧૯૨૦ | સુરેશકુમાર મફતલાલ જૈન | દહેગામ | ૧૯૨૮ | મહેન્દ્રકુમાર બાબુલાલ જૈન | પ્રાંતિજ |

# પાંચમી વસ્તુ પૂરી કરો

નીચેની પાંચ–પાંચ વસ્તુમાંથી અહીં ચારનાં નામ લખ્યા છે, એક નામ બાકી રાખ્યું છે, તે તમારે શોધી કાઢવાનું છે–( જવાબ લખીને મોકલવાના નથી, આવતા અંકમાં પ્રગટ થશે તેની સાથે મેળવી લેજો. )

**( પાંચ સિદ્ધક્ષેત્ર )** પાવાપુરી, ગીરનાર,........ચંપાપુરી, સમ્મેદશિખર,

**( પાંચ ગતિ )** સ્વર્ગ, નરક, મનુષ્ય, તિર્યંચ, ........

**( પાંચ ભાવ )** ઔપશમિક, ........ , ક્ષાયોપશમિક, ઔદયિક, પારિણામિક

**( પાંચ પરમેષ્ઠી )** આચાર્ય, સિદ્ધ, સાધુ, ઉપાધ્યાય, ........

**( પાંચ તીર્થંકર બાલબ્રહ્મચારી )** વાસુપૂજ્ય, મહાવીર, મલ્લિનાથ, નેમિનાથ,.........

**( પાંચ લબ્ધિ )** ક્ષયોપશમ, વિશુદ્ધિ, ........ પ્રાયોગ્ય, કરણલબ્ધિ

**( પાંચ જ્ઞાન )** મનઃપર્યયજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિજ્ઞાન, ........

**( પાંચ કલ્યાણક )** મોક્ષકલ્યાણક, દીક્ષાકલ્યાણક, જન્મકલ્યાણક, ગર્ભકલ્યાણક,........

## હા કે ના ?

[ નીચેના જવાબ માત્ર 'હા' અથવા 'ના' એમ એક અક્ષરમાં લખવા; સાથે પ્રશ્ન લખવાની જરૂર નથી, માત્ર નંબર લખવો. )

૧. જીવ અને શરીર બંનેનાં લક્ષણ અત્યારે જુદા છે ?

૨. આ કાળે આપણે નિર્વિકલ્પ આત્મઅનુભવ કરી શકીએ ?

૩. મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વર્ગમાં જઈ શકે ?

૪. કોઈ મનુષ્યનું આયુષ્ય દેવ કરતાં પણ અસંખ્યગણું હોય ?

૫. જગતમાં એકસાથે બે તીર્થંકરો જન્મે ખરા ?

૬. આપણે જંબુદ્વીપમાં રહીએ છીએ તે જંબુદ્વીપમાં અત્યારે કોઈ તીર્થંકર વિચરે છે ?

૭. શુભરાગનું ફળ પણ સંસાર છે ?

## શોધી કાઢો–

'જૈનધર્મ' ની એક ખાસ વસ્તુ કે જે દરેક જીવને વહાલી છે, જેના વડે જગતમાં જૈનધર્મની પ્રસિદ્ધિ છે; એનું ત્રણ અક્ષરનું નામ છે;

'અરિહંતદેવ' પાસે એનો પહેલો અક્ષર છે.

'હિંદુસ્તાન' માં એનો બીજો અક્ષર છે.

'સામાયિક' માં એનો ત્રીજો અક્ષર છે. પાપી જીવો પાસે તે હોતી નથી.

ત્રણ અક્ષરની વસ્તુનો પહેલો અક્ષર ગુમાવે ને બાકીના બે અક્ષરને સેવે તે જીવ નરકે જાય છે. તો એ વસ્તુ કઈ ?

– * –

## શ્રાવકધર્મ ભેટ-પુસ્તક અંગે

ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ખુલાસો કરવાનો કે સં. ૨૦૨૩ ની સાલના ગ્રાહકોને જે ભેટ પુસ્તક 'શ્રાવકધર્મપ્રકાશ' અપાયું છે તે શ્રી ધીરજલાલ હરજીવનદાસ (ફાવાભાઈ) ના સુપુત્રો તરફથી તેમના સ્મરણાર્થે ભેટ અપાયેલું છે. પરંતુ શરતચૂકથી જે ગ્રાહકોને ફોટા તથા સ્મરણાંજલિ વગરની નકલ મળી હોય તેમણે સદરહુ પુસ્તક તેમના તરફથી ભેટ અપાયેલ છે તેમ સમજવું.

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મં. ટ્રસ્ટ, સોનગઢ

## મુમુક્ષુ મંડળોને વિનંતિ

જે મુમુક્ષુ મંડળો આત્મધર્મ ગુજરાતીનું સં. ૨૦૨૪ ની સાલનું લવાજમ રૂા. ૪=૦૦ શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢ વતી સ્વીકારે છે; તેઓને વિનંતિ કે ગ્રાહકોના લવાજમ જેમ જેમ આવતા જાય તેમ તેમ તેનું લીસ્ટ પૂરા નામ, સરનામા ને ગ્રાહકનંબર સાથે મોકલવું જેથી કારતક માસનો અંક ગ્રાહકોને સમયસર મોકલવાની વ્યવસ્થા થઈ શકે.

નીચે જણાવેલા ગ્રાહકોના શ્રાવણ માસના અંક LEFT HOME (ઘર છોડી ગયા છે) તેવું લખાઈને પાછા આવ્યા છે; માટે પોતાનું પૂરું નામ–સરનામું વગેરે ફરીને લખી મોકલવા વિનંતિ છે. જેથી બધા અંકો આપને મળી શકે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી મનુભાઈ પોપટલાલ ધામી | જામનગર | ૧૧. | ધીરજલાલ મગનલાલજી | કલકત્તા–૧ |
| ૨. | જસવંત બાળોરામજી સંઘઈ | મુ. પો. ફાર્મગાંવ | ૧૨. | શ્રી હંસાબેન ઝવેરી | મુંબઈ |
| ૩. | શ્રી ચીમનલાલ નાગરદાસ શાહ | નાગપુર–૨ | ૧૩. | શ્રી અમૃતલાલ તુલસીદાસ કામદાર | ઘાટકોપર મુંબઈ–૭૭ |
| ૪. | શ્રી. ડો. આર. આર. ગાંધી | મુંબઈ–૨૬ | ૧૪. | શ્રી કાંતીલાલ એમ. ગાંધી | ઘાટકોપર મુંબઈ–૭૭ |
| ૫. | શાહ ધીરજલાલ અમૃતલાલ | સાવરકુંડલા | ૧૫. | શ્રી નરભેરામ હંસરાજ | જામનગર (સૌ.) |
| ૬. | શ્રી નાગરદાસ બાવચંદભાઈ | લીલીયામોટા | ૧૬. | શ્રી વિનયચંદ્ર જમનાદાસ શાહ | મુંબઈ નં–૭૭ |
| ૭. | નરભેરામ હંસરાજ મહેતા | જામનગર (સૌ.) | ૧૭. | શ્રી અમૃતલાલ મોહનલાલ | ઘાટકોપર મુંબઈ નં–૭૭ |
| ૮. | મનુભાઈ પોપટલાલ ધામી | જામનગર (સૌ.) | | | |
| ૯. | શ્રી અમૃતલાલ પ્રેમચંદ શાહ | વીંછીયા | | | |
| ૧૦. | શ્રી જયંતિલાલ ત્રીભોવનદાસ | વીરાર | | | |

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મં. ટ્રસ્ટ સોનગઢ

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

( સર્વે પાઠકોનો પ્રિય વિભાગ )

**પ્રશ્નઃ-** જગતમાં અંતરાત્મા ઝાઝા કે પરમાત્મા ?

**ઉત્તરઃ-** પરમાત્મા ઝાઝા.

**પ્રશ્નઃ-** કઈ રીતે ?

**ઉત્તરઃ-** અંતરાત્મા એટલે ચોથાથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના સાધક જીવો, –તે અસંખ્યાત છે; ને પરમાત્મા એટલે અરિહંત અને સિદ્ધ,–તે અનંતા છે. આ રીતે અંતરાત્મા કરતાં પરમાત્મા અનંતગુણા ઝાઝા છે.

પરમાત્માની તો સંખ્યા સદાય વધતી જ જાય છે; તેમાં એકલી આવક જ છે, પણ જાવક નથી. જે પરમાત્મા થયા તે કદી પરમાત્માપણું છોડીને અંતરાત્મા કે બહિરાત્મા થતા નથી એટલે 'પરમાત્મા' માંથી એકેય જીવ કદી ઘટતો નથી; જ્યારે દરવર્ષે ૧૨૧૬ જેટલા નવા નવા પરમાત્માઓ વધતા જાય છે. અને 'અંતરાત્મા' જીવો જેમ નવા નવા થતા જાય છે, તેમ તેમાંથી ઘટતા પણ જાય છે ( –અંતરાત્મામાંથી જેટલા પરમાત્મા થઈ જાય કે કોઈ બહિરાત્મા થઈ જાય, તેટલા ઘટી જાય છે. )

**પ્રશ્નઃ-** સ્યાદ્‌વાદરૂપ જિનવચનમાં રમવું–એટલે શું ?

**ઉત્તરઃ-** પરથી ભિન્ન થઈને સ્વભાવમાં એકત્વરૂપે પરિણમવું–તે જિનવચનનો સાર છે. તેથી સ્વભાવમાં તન્મય થઈને જે પરિણમે છે તે જિનવચનમાં રમે છે. આ રીતે જિનવચનમાં જે રમે તેને મોહનો નાશ થઈને મોક્ષની ઉત્પત્તિ થાય છે.

જિનવચનો 'શુદ્ધાત્મા' ઉપાદેય કહે છે; તેથી શુદ્ધાત્માને ઉપાદેય કરીને ( શ્રદ્ધા–જ્ઞાનમાં અંગીકાર કરીને ) જે જીવ તેમાં લીનપણે રમે છે, તે જીવ જિનવચનમાં રમે છે એમ કહેવામાં આવે છે. જે રાગને ઉપાદેય માને છે કે પરાશ્રય ભાવમાં રમે છે તે ખરેખર વીતરાગી–જિનવચનમાં નથી રમતો, જિનવચનના વીતરાગી રહસ્ય તેને ખબર નથી.

* દિલ્હીથી દીપક જૈન ( N. 117 લખે છે–અત્યારે માણસો વીટામીન M. થી સુખી માંગે છે ને દિનરાત તેની પાછળ લાગે છે, છતાં સુખ કેમ મળતું નથી ? ને દુઃખી કેમ થાય છે ?

બાબુજી ! સચ્ચા સુખ વીટામીન M. ( મની ) માં નથી, સાચું સુખ વીટામીન C. ( ચૈતન્ય ) માં છે. પૈસામાં સુખ જ નથી, એ તો જડ છે, તો તેની પાછળ લાગવાથી સુખ ક્યાંથી મળે ? તમે લખ્યું છે તેમ જો વીટામીન M. એટલે 'મોક્ષ' સમજીને તેનો પ્રયત્ન કરે તો જરૂર સુખ મળે.

* * *

B. A. ની પદવી બાબત એક મુમુક્ષુ લખે છે–ઘણા લોકો B. A. થવા વર્ષો સુધી મહેનત કરે છે, પરંતુ આપણે તો B. A. એટલે બ્રહ્મચારી અને આત્માર્થી થવું–એ સાચી B. A. પદવી છે–કે જે મોક્ષની દાતા છે. અમને તો એવા B. A. થવાની ભાવના છે.

* બી. એચ. જૈન ( મુંબઈ ) તમારો પત્ર મળ્યો. આત્મધર્મની ઉન્નતિ માટેના તમારા ઉત્તમ વિચારો માટે ધન્યવાદ ! ભાઈશ્રી, તમારા જેવા યુવાનો ધાર્મિક વિષયોમાં જે ઉત્સાહ દર્શાવી રહ્યા છે તે પ્રશંસનીય છે. આપે સૂચવેલી યોજના કમિટિ પાસે રજૂ કરવામાં આવી છે, ને તે બાબતમાં કમિટિની સૂચના મુજબ કરીશું.

* સુખ ક્યાં છે ? અને કેમ થાય ? ( કિશોર જૈન No. 890 )

સુખ આત્મામાં છે ને આત્માના જ્ઞાનથી એટલે કે આત્માના અનુભવથી સુખ થાય છે.

અથવા છહઢાળામાં કહ્યું છે કે–નિરાકુળતા તે સુખ છે, ને તે નિરાકુળતા મોક્ષમાં છે; મોક્ષની પ્રાપ્તિ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે થાય છે. માટે તેનો ઉદ્યમ કરવો જોઈએ.

* **સ. નં.** 1 નૈનાબેન–રાજકોટઃ તમારું ભાવભીનું કાવ્ય મળ્યું. ૮૬ કડીના ગીતમાં, જિનેશ્વરદેવનું બહુમાન વધારવાની, સોનાના ને હીરાના જિનમંદિર બંધાવવાની, તેમાં સવા મણ સોનાનો ઘંટ ટાંગીને મંગળ પ્રભાતે રોજ વગાડવાની, દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે ભક્તિભાવ ઉલ્લસાવવાની ભેદવિજ્ઞાનની ને જૈનશાસનને શોભાવવાની, સિદ્ધોને સાચા સગા જાણવાની–એવી એવી ઘણી ઊંચી ભાવનાઓ વ્યક્ત કરી, તે બદલ ધન્યવાદ ! તમારી ભાવનામાં અમારો ને બાલવિભાગના બધા ભાઈ–બેનોનો પણ સાથ છે. કાવ્ય ઘણું લાંબું છે; જરાક વ્યવસ્થિત અને ટૂંકું લખીને મોકલશો તો છાપીશું.

**जय जिनेन्द्र**

* માનસિક ચિન્તા ક્યાંય કહી શકાતી નથી,–ત્યાં હવે શું કરવું ? ( સભ્ય નં. ૧૩૮ )

**ઉત્તરઃ**- એનો ઉપાય તો સાવ સહેલો છે,–એ ચિન્તા છોડી દેવી ને આત્માની ચિન્તા કરવી...આત્માનું હિત થાય તેવા વિચાર કરવા........( ભઈલા, નાનકડા બાળકને એવી તે કઈ મોટી ચિન્તા આવી પડી કે અહીં પૂછાવવું પડયું ! )

। આત્મા શું છે ?

।। 'આપણે મનમાં જે વિચાર કરીએ છીએ' તે કોણ કરતું હશે ?

( –રજનીકાન્ત જૈનઃ જસદણ )

**ઉત્તરઃ**- ૧ આત્મા આપણે પોતે જ છીએ. આત્મા એટલે જાણનાર સ્વરૂપ તત્ત્વ.

૨. આ બીજા પ્રશ્નનો ઉત્તર તો તમારા પ્રશ્નમાં જ સમાયેલો છે.

* સ. નં. ૨૧૬ લખે છે–અભ્યાસકાર્યમાં અને ગૃહકાર્યમાં રોકાયેલી છું છતાં આત્મધર્મ ઘણા રસપૂર્વક હંમેશા વાંચું છું. ને ગુરુદેવના સાન્નિધ્યમાં રહીને આત્મભાન કરવાની ભાવના ભાવું છું.

**પ્રઃ**- સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટેનો ઝડપી ઉપાય જણાવશો. ( N. 216 )

ઉ. :- "**भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो**"

ઉપરના સૂત્રદ્વારા કુંદકુંદપ્રભુએ સમ્યગ્દર્શનનો ઝડપી ઉપાય બતાવ્યો છે.

– પરંતુ આપણે કેવા પ્રમાદી છીએ કે તેવી ઝડપ કરતા નથી !

* સભ્ય નં. ૭૬૦ ના ઉત્તરમાં જણાવવાનું કે ૨૪ માંથી પાંચ તીર્થંકરભગવંતો બાલબ્રહ્મચારી હતા. અનેક સ્થળે પાંચ બાલબ્રહ્મચારી ભગવંતોની પ્રતિમાઓ છે, તેમજ "પાંચ બાલયતી" ની જુની પૂજાઓ પણ છે. પૂજનસંગ્રહમાં આપ એ પૂજા જોઈ શકશો.

ઉજ્જૈનથી શરદકુમાર જૈન લખે છે–"જન્મદિવસની વધાઈ અને ઋષભદેવ ભગવાનનો ફોટો જોતાં મને હર્ષનો પાર ન રહ્યો. ભગવાનના દર્શન કરતા ચક્રવર્તી ભરત જેમ તેમના ચરણોમાં ઝુકીને ભાવભીની વંદના કરે છે તેમ મને પણ ભગવાનના દર્શન કરતાં ઘણો આનંદ થયો. ને આ ભેટની ખુશાલી તરીકે મારા દિલથી બાલવિભાગને રૂા. ૧૧ ભેટ મોકલ્યા છે. ( આ રીતે ઘણા બાળકો તરફથી દરવર્ષે હજારો રૂા. ની રકમો બાલવિભાગમાં ભેટ આવે છે; આ ઉત્સાહ અને ધાર્મિકલાગણી માટે તે બાળકોને ધન્યવાદ ! )

સુરેશ, પવન, શૈલેશ ( વડોદરા ) : શ્રાવણ સુદ પૂર્ણિમાના વાત્સલ્યપર્વ નિમિત્તે તમારો પત્ર મળ્યો. ગુરુદેવ પ્રત્યેની તમારી ભક્તિભાવના વ્યક્ત કરી–તે પ્રશંસનીય છે.

**— ધન્યવાદ.**

# અમારો આફ્રિકાનો પત્ર

આફ્રિકામાં નૈરોબી મુમુક્ષુમંડળના ઉત્સાહી કાર્યકર ભાઈશ્રી કરમણભાઈ નરસીએ પોતાની સુપુત્રીનો લગ્નપ્રસંગ જૈનવિધિઅનુસાર કરાવીને, તથા તે વખતે ચારહજાર જેટલા ધાર્મિક પુસ્તકોની લાણી કરીને ધર્મપ્રભાવનાનો ઉત્સાહ બતાવ્યો છે. તેમની આવી લગની દેખીને તે પ્રસંગે ઉપસ્થિત ચારહજાર જેટલા ગુજરાતીઓ ખૂબ પ્રસન્ન થયા હતા. તેઓ પોતાના તા. ૧૧–૯–૬૭ના પત્રમાં ગુરુદેવનો મહાન ઉપકાર માનીને લખે છે કે–લગ્નમાં જૈનવિધિ થવાથી ધર્મની ઘણી પ્રભાવના થઈ છે. સવારમાં જિનમંદિરે ઘણા માણસો સહિત પ્રભુપૂજા તથા ભક્તિ કરીને સિદ્ધચક્રજીને તથા શાસ્ત્રજીને ગાજતેવાજતે મંડપમાં પધરાવ્યા. લગભગ ચારહજાર માણસોની સંખ્યા વચ્ચે જૈનવિધિ થઈ, તે દેખીને તથા સાંભળીને આખો જૈનસમાજ ઘણો પ્રભાવિત થયો હતો, ને કહાનગુરુના જયનાદ ગાજી ઊઠયા હતા. આ પ્રસંગે ભગવાન ૠષભદેવ, જૈન બાળપોથી, કર વિચાર તો પામ–વગેરે ચારહજાર જેટલા ધાર્મિક પુસ્તકો ભેટરૂપ વેંચ્યા હતા; બધામાં તે પુસ્તકો વંચાયા, ને ચાર દિવસ સુધી તો ઘેરઘેર–દુકાનેદુકાને એની જ ચર્ચા ચાલતી હતી; ને કેન્યા (આફ્રિકા) ના જૈનસમાજ ઉપર ઘણી છાપ પડી હતી; કુદેવ–કુગુરુ–કુધર્મના સેવનથી જીવોનું કેટલું બૂરું થાય છે ને સાચા દેવ–ગુરુ–ધર્મનું સેવન ભવસમુદ્રથી તરવા માટે જીવોને કેટલું ઉપકારી થાય છે–વગેરે ઘણા ખુલાસા આ પ્રસંગે થયા હતા. લગ્નપ્રસંગ દેવ–ગુરુ–ધર્મની મુખ્યતાપૂર્વક ઉજવાયો હોવાથી “આ જ ખરૂં સત્ છે” એવું વાતાવરણ છવાયું હતું. આફ્રિકા જેવા પછાત પરદેશમાં પણ આજે આ જે કાંઈ બની રહ્યું છે તે ગુરુદેવનો જ મહાન પ્રભાવ છે. જૈનધર્મનો સન્દેશ જગતમાં ગાજે છે. લંડનથી આવેલા આપણા ભાઈઓ પુસ્તકો લઈ ગયા છે ને ઘણા શ્રદ્ધાળુ બન્યા છે. કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પણ ઘણા આવ્યા હતા ને જૈનધર્મથી ઘણા પ્રભાવિત થયા છે. (હજી પણ ત્યાં ધાર્મિક પુસ્તકોની વિશેષ માંગણી થતી હોવાથી બીજા પુસ્તકો મંગાવ્યા છે.)

**卐 जैनं जयतु शासनम् 卐**


卐 卐 卐



Photo : Poonam Sheth

શેઠશ્રી સાહૂ શાંતિપ્રસાદજી જૈન સરસ્વતી–ભુવનના ઉદ્‌ઘાટન પહેલાં
ભાષણ કરતાં કહે છે કે “આજ મૈં અપનેકો ધન્ય સમઝતા હૂં કિ
મુઝે સોનગઢ આકરકે પૂ. ગુરુદેવકા ઉપદેશ સુનનેકા અવસર મિલા.”
( વિશેષ સમાચાર માટે જુઓ પાનું ૨૨–૨૩ )

# શ્રાવકધર્મપ્રકાશ




શ્રાવકનું કર્તવ્ય સમજવા માટે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી સુંદર પુસ્તક

અત્યંત સુગમ શૈલીઃ પચીસ જેટલા ચિત્રો........મૂલ્યઃ બે રૂપિયા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને

મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૩૦૦)